RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 104, Dt.11-07-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ટીમ ઈન્ડિયા ચેમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાન નહીં જાય



## બીસીસીઆઈએ શ્રીલંકા અથવા દુબઈમાં મેચ યોજવાની માંગ કરીઃ આગામી તા.૧૯ ફેબ્રુઆરીથી ૯ માર્ચ સુધી કરાંચી, રાવલપીંડી અને લાહોરમાં મેચ યોજાશેઃ વર્લ્ડકપમાં ટોચની ૮ ટીમો ભાગ લેશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. ભારતીય ક્રિકેટ ટીમ પાકિસ્તાનનો પ્રવાસ નહીં કરે. અહેવાલો અનુસાર, BCCIએ શ્રીલંકા અથવા દુબઈમાં મેચ યોજવાની માંગ કરી છે. નોંધનીય છે કે, ભારતીય સરહદ પર આતંકવાદી ગતિવિધિઓમાં પાકિસ્તાનની સતત સંડોવણીને કારણે પ્રથમ દ્વિપક્ષીય સિરીઝ બંધ છે. સરહદ પર સમયાંતરે તેના નાપાક ઈરાદાઓ સામે આવે છે, જ્યારે તેના રાજકારણીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત વિરુદ્ધ આગ ભડકાવવાની હિંમત કરતા રહે છે.

ઉલ્લેખનીય છે કે ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું શેડ્યુલ હજુ જાહેર થયું નથી પણ એક ટેન્ટેટિવ કાર્યક્રમની જાહેરાત કરાઈ છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એ આઈસીસીને તારીખો અને સ્થળ સાથે પ્રસ્તાવિત ફિક્સચરની યાદી મોકલી છે.

શેડ્યૂલ અનુસાર આઠ ટીમોની આ ટુર્નામેન્ટનું આયોજન ત્રણ સ્થળોએ કરવામાં આવશે, જેમાં ૧૯ ફેબ્રુઆરીથી ૯ માર્ચ સુધી કરાચી, રાવલપિંડી અને લાહોરમાં મેચો રમાશે. શરૂઆત ૧૯મી ફેબ્રુઆરીએ થશે જ્યારે ફાઈનલ ૯મી માર્ચે યોજાવાની છે. ૫૦ ઓવરના ફોર્મેટ સાથેની આઈસીસી આ મોટી ઈવેન્ટ ૮ વર્ષ બાદ ફરી યોજાવા જઈ રહી છે.

તેમાં ગત વર્ષની ઘઉંઈ વર્લ્ડ કપની ટોચની આઠ ટીમોનો સમાવેશ થશે. આઠ ટીમોને ચાર-ચારના બે ગ્રૂપમાં વિભાજિત કરવામાં આવી છે. જેમાં પ્રત્યેક ગ્રૂપમાંથી ટોચની બે ટીમો સેમિફાઇનલમાં જશે. યજમાન પાકિસ્તાન કટ્ટર હરીફ ભારત, બાંગ્લાદેશ અને ન્યુઝીલેન્ડ સાથે ગ્રુપ એમાં છે, જ્યારે ગ્રુપ ઇમાં ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે.

## NEET ગેરરીતિ કેસની સુનાવણીમાં વધુ એક તારીખ! હવે ૧૮ જુલાઈએ સુનાવણી

**નવીદિલ્હીઃ** NEET કેસમાં ગેરરીતિ સંબંધિત ૩૮ અરજીઓ પર સુનાવણી ૧૮ જુલાઈ સુધી સ્થગિત કરવામાં આવી છે. કોર્ટે અરજદારોને કેન્દ્ર સરકાર અને NTAની એફિડેવિટનો જવાબ આપવા માટે સમય આપ્યો છે.

મુખ્ય ન્યાયાધીશની બેન્ચે કહ્યું કે, કેન્દ્ર અને NTAએ કોર્ટના ૮મી જુલાઈના નિર્દેશના જવાબમાં તેમના સોગંદનામા દાખલ કર્યા છે. જો કે, ખંડપીઠે અવલોકન કર્યું કે કેટલાક અરજદારોને હજુ સુધી કેન્દ્ર અને NTA તરફથી એફિડેવિટ મળ્યા નથી. આ કેસની આગામી સુનાવણી ૧૮ જુલાઈના રોજ થશે.

# ઘઉં અને લોટની વધતી કિંમત પર અંકુશ લગાવવા સરકાર મકકમ

## હોલસેલ વેપારીઓને ઘઉં વેચશેઃ રૂા.૨૩૨૫૦ દર ટનના ભાવે ઘઉં વેચવાની મંજૂરી આપી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઘઉં અને લોટની વધી રહેલી કિંમતો પર અંકુશ લગાવવા માટે કેન્દ્ર સરકાર જથ્થાબંધ ગ્રાહકોને ઘઉં વેચવાની યોજના બનાવી રહી છે. આગામી મહિનાથી આટા મીલર્સ અને બિસ્કીટ નિર્માતાઓને ઘઉં વેચવામાં આવશે. સરકારે ભારતીય ખાદ્ય નિગમ (એફસીઆઈ)ને પોતાના સ્ટોકથી ૨૩૨૫૦ રૂપિયા પ્રતિ ટને ઘઉં વેચવાની મંજુરી આપી છે.



જે હાલની ખુલ્લા બજારની કિંમતોથી લગભગ ૧૨ ટકા ઓછી છે.જોકે એફસીઆઈએ હજુ સુધી નકકી નથી કર્યુ કે તે ખુલ્લા બજારમાં કેટલા ઘઉં વેચવાની યોજના બનાવી રહ્યું છે. એફસીઆઈએ ગત વર્ષે જુનમાં ખાનગી કંપનીઓને ઘઉં વેચવાનું શરૂ કર્યું હતું.માર્ચ ૨૦૨૪ સુધીમાં એક કરોડ ટનથી વધુ ઘઉં વેચવામાં આવ્યા છે.

એક ડીલરે જણાવ્યું હતું કે એફસીઆઈ આકર્ષક ભાવે ઘઉં વેચશે.એટલે મોટા પ્રમાણમાં ખાનગી કંપની કે જથ્થાબંધ ગ્રાહક ખરીદીમાં રસ દેખાડશે આથી ઘઉંની કિંમત એક વર્ષમાં ૬ ટકા સુધી વધી ગઈ છે.

# ગિરનાર અભ્યારણ વિસ્તારમાં પ્લાસ્ટીક બંધ કરાવોઃ હાઈકોર્ટ

## પ્લાસ્ટીકની પાણીની બોટલો ફેંકતા લોકોના વર્તનની ટીકા કરતા મુખ્ય ન્યાયાધિશ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે સૂચન કર્યું હતું કે ગીરના જંગલ વિસ્તારમાં બિસ્કીટના પેકેટ અને ચિપ્સના પેકેટો પર પ્રતિબંધ છે અને પ્રવાસીઓ અને મુલાકાતીઓ દ્વારા પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા માટે ગિરનાર અભ્યારણ વિસ્તારમાં પણ આવી કાર્યવાહી કરવી જોઈએ. નિયમોનો ભંગ કરનારાઓને દંડ થવો જોઈએ અને આવા આરક્ષિત અભયારણ્ય વિસ્તારોમાં પ્રદૂષણ ન થાય તે માટે લોકોને જાગૃત કરવા જોઈએ.



પર્યાવરણ-સંવેદનશીલ અને પર્યટન સ્થળોએ પ્લાસ્ટિક અને પ્લાસ્ટિકની પાણીની બોટલો ફેંકતા લોકોના વર્તનની ટીકા કરતાં મુખ્ય ન્યાયાધીશે ટિપ્પણી કરી હતી કે, ગીર જંગલની આસપાસના વિસ્તારમાં કોઈને પણ બિસ્કિટ અને ચિપ્સના પેકેટો લઈ જવાની મંજૂરી નથી જેના પર પ્રતિબંધ મૂકવો જોઈએ. મને લાગે છે કે આ પ્રવાસીઓ સૌથી વધુ ન્યુસંસ કરે છે, તેઓએ પૃથ્વી પરની દરેક જગ્યા બગાડે છે અને પર્યાવરણ સ્થળોએ સન સેટ પોઇન્ટ જેવી જગ્યા ઉપર પણ પ્લાસ્ટિકની બોટલ દેખાય છે. સમયે પણ પાણીની બોટલો હોય છે.

હાઇકોર્ટે એ અમદાવાદના નળ સરોવરનું ઉદાહરણ પણ આપ્યું જ્યાં તેમણે જોયું કે નાના ટાપુ પર પણ પાણીની બોટલો ફેંકવામાં આવે છે જેમ કે તેઓ માત્ર બોટલ ફેંકવા જાય છે અને તેઓ ખૂબ જ આનંદ અનુભવે છે. સરકારે તેમના પર દંડ લગાવવાનું શરૂ કરવું જોઈએ. દરમિયાન હાઈકોર્ટે જૂનાગઢ મહાનગરપાલિકા પાસેથી પ્લાસ્ટિક વેસ્ટના નિકાલ અંગેની વિગતો માંગી હતી.

જૂનાગઢમાં ગિરનાર પર આવેલા દત્તાત્રેય મંદિર અને અંબાજી મંદિરની આસપાસની ગંદકીનો મુદ્દો ઉઠાવતી એડવોકેટ દ્વારા દાખલ કરાયેલ પીઆઈએલની સુનાવણી હાઈકોર્ટ કરી રહી હતી. અગાઉ રાજ્ય સરકારે કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી હતી કે ગિરનાર અભ્યારણ વિસ્તારમાં કોઈપણ પ્રકારના પ્લાસ્ટિકના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. રાજ્ય સરકારના અગ્ર સચિવે હાઈકોર્ટમાં સોગંદનામું આપીને જણાવ્યું હતું કે ગિરનાર અભયારણ્યના ૨૭ ગામોમાં પણ પ્લાસ્ટિક પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે અને પ્રતિબંધના અમલ માટે છ અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે.

સોગંદનામામાં વધુમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે મંદિરોની આસપાસની સફાઈની જવાબદારી ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને સોંપવામાં આવી છે અને સફાઈ કર્મચારીઓની સંખ્યા વધારવામાં આવશે. અરજીની સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે, કચ્છના રણમાં પણ પ્લાસ્ટિકનું પ્રદૂષણ જોવા મળે છે, સરકારે તેના પર પણ ધ્યાન આપવું જોઈએ. ત્યારબાદ હાઈકોર્ટે અભયારણ્ય વિસ્તાર અથવા ઈકો-સેન્સિટિવ ઝોનમાં પ્લાસ્ટિક પ્રતિબંધના અમલ માટે બ્લૂ પ્રિન્ટ અને એક્શન પ્લાન રજૂ કરવાનો આદેશ આપ્યો હતો.

# ઓસ્ટ્રીયામાં ઓરકેસ્ટ્રા પર ગુંજયું ભારતનું વંદેમાતરમ, પીએમ મોદીનું અનોખું સ્વાગત

## ૪૦ વર્ષમાં પ્રથમવાર કોઇ ભારતીય વડાપ્રધાને ઓસ્ટ્રીયાની મુલાકાતેઃ ૧૯૮૩માં ઈન્દિરા ગાંધી ઓસ્ટ્રીયાના સત્તાવાર પ્રવાસે ગયા હતા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રશિયા પછી ઓસ્ટ્રીયા દેશના પ્રવાસે પહોંચેલા પીએમ નરેન્દ્ર મોદીનું ઓસ્ટ્રીયાઇ કલાકારોએ ઓરકેસ્ટ્રા પર 'વંદે માતરમ'ગાઇને સ્વાગત કર્યુ હતું. ભારત અને ઓસ્ટ્રીયાની મૈત્રી આ સાથે જ વધુ ગાઢ બની છે. છેલ્લા ૪૦ વર્ષમાં પ્રથમ વાર કોઇ ભારતીય વડાપ્રધાને ઓસ્ટ્રીયા દેશની મુલાકાત લીધી હતી. અગાઉ ૧૯૮૩માં પૂર્વ વડાપ્રધાન ઇન્દિરા ગાંધી ઓસ્ટ્રીયાના સત્તાવાર પ્રવાસે ગયા હતા.



પીએમ મોદી મંગળવારના રોજ ઐતિહાસિક ઓસ્ટ્રીયા મુલાકાતના ભાગરુપે રાજધાની વિયેના પહોંચ્યા હતા. વિદેશમંત્રી એલેકઝાન્ડર શેલેનબર્ગ એરપોર્ટ પર સ્વાગત માટે આવ્યા હતા. એકસ પરની પોસ્ટમાં વિદેશ મંત્રાલયના પ્રવકતાએ ટાંકયું હતું કે બંને દેશો પોતાના રાજકીય સંબંધોની ૭૫ મી વર્ષગાંઠ ઉજવી રહયા છે. આથી ભારતની ઓસ્ટ્રીયા યાત્રા ખૂબજ મહત્વની છે.

આગમન થયા બાદ ઓસ્ટ્રીયાના ચાંસેલર કાર્લ નેહમરે એક ખાનગી કાર્યક્રમમાં આમંત્રણ આપ્યું હતું. નેહમરે માઇક્રોબ્લોગિગ પ્લેટફોર્મ પર પોતાની અને મોદીની એક તસ્વીર પોસ્ટ કરી છે જેમાં વિયેનામાં આપનું સ્વાગત છે એમ લખ્યું હતું. ભારતના વડાપ્રધાન ઓસ્ટ્રીયા ગણરાજયના રાષ્ટ્રપતિ એલેકઝાન્ડર વાન ડેર બેલન સાથે પણ મુલાકાત કરી છે. ઓસ્ટ્રીયામાં કોર્મશિયલ લિડર્સ સાથે પણ વાતચિત થશે.

# કોઈપણ વિવાદમાં ખોડલધામને ઢસડવાનું અયોગ્યઃ નરેશ પટેલ

## ખોડલધામને કોઈ પ્રત્યે રાગદ્વેષ નથીઃ દર વખતે જયેશ રાદડિયાની પડખે ઉભા રહ્યા છીએ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લેઉવા પટેલ સમાજના લોકો-આગેવાનોએ સમાજનું કામ કરવું જોઈએ તેવો મત દર્શાવતા તેઓએ જણાવ્યું હતું કે સામાજીક કામ કરાવવા માટે પણ રાજકારણમાં સક્રીય રહેવું પડે છે. રાજકારણમાં એકટીવ ન રહીએ તો સામાજીક કામ ન થાય. સમાજના આગેવાનો રાજકારણમાં છે તેને સમર્થન કરવામાં આવે જ છે. અગાઉ પણ આ વાત સ્પષ્ટ કરી જ હતી.



જયેશ રાદડીયાને લાગેવળગે છે ત્યાં સુધી ભૂતકાળમાં પણ ગમે ત્યારે તેમની સાથે ઉભા રહ્યા જ હતા. જયેશ રાદડીયા સમાજના યુવા નેતા છે અને ભવિષ્યમાં તેમની પડખે ઉભા રહેશું. ખોડલધામ તરફથી કોઈપણ પ્રત્યે કોઈપણ જાતનો રાગદ્વેષ નથી તેની હું ખાતરી આપુ છું.

તેઓએ જણાવ્યું કે, લેઉવા પટેલ સમાજ ઘણો મોટો સમાજ છે અને દરેક સમાજને સાથે રાખીને ચાલવામાં માને છે. રાજકીય સામાજીક રીતે ઘણા આગેવાનો કામ કરે છે અને દરેકને ખોડલધામ સમર્થન આપે છે. ખોડલધામને લાગેવળગે છે ત્યાં સુધી ૫૦૦થી વધુ કન્વીનરો અને સહકન્વીનરો છે એટલે તેમાંથી કોઈ કોઈપણને સમર્થન કરતુ હોય છે. સમાજમાં તીરાડ ઉભી કરવા માટે પણ પ્રયત્ન થતા હોય તેનો ઈન્કાર થઈ શકતો નથી.''

જયેશ રાદડીયા સામે કોઈ વાંધો ન હોવાની ચોખવટ કરી હતી. લેઉવા પટેલ સમાજના 'સરદાર'-નેતા કોણ? તેવા સવાલના જવાબમાં નરેશ પટેલે જણાવ્યું હતું કે સમાજના નેતાનું નામ લોકો-સમાજ જ નકકી કરી શકે. સામાજીક વિવાદ વિશે ફોડ પાડતા તેઓએ કહ્યું કે વિવાદ સવા મહિના જુનો છે અને ફરી તેને આગળ કરવામાં આવી રહ્યો છે. તે પાછળ તિરાડ ઉભી કરવાનો પ્રયાસ હોઈ શકે છે.

નરેશ પટેલે અફસોસ અને નારાજગી સાથે એમ પણ કહ્યું કે ભલે સમાજ મોટો હોય પરંતુ ઘરની વાત ઘરમાં જ રહેવી જોઈએ. પરંતુ સમાજના જ કેટલાક લોકો ઘરની વાત બહાર જાહેર કરી દેતા હોવાનું યોગ્ય નથી.

# ચોમાસાની પ્રગતિ સાથે ખરીફ વાવેતર જોશમાંઃ એકંદર વાવણીમાં ૧૪ ટકા વધારો

## ડાંગર, તુવેર દાળ, અડદ, કપાસના વાવેતરમાં નોંધપાત્ર વધારો જ્યારે જુવાર, બાજરીમાં ઘટાડો નોંધાયો

**મુખ્ય સમાચાર, મુંબઈ**

વર્તમાન ખરીફ મોસમમાં એકંદર વાવેતર વિસ્તાર ૮ જુલાઈ સુધીમાં વાર્ષિક ધોરણે ૧૪.૧૦ ટકા વધી ૩૭૮ લાખ હેકટર રહ્યાનું કૃષિ મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું. દેશના મોટાભાગના વિસ્તારોમાં ચોમાસાની પ્રગતિને પરિણામે વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.

ડાંગરના વાવેતરમાં ૧૯ ટકા જ્યારે કઠોળની વાવણી ગયા વર્ષના ૮ જુલાઈની સરખામણીએ ૫૪ ટકા ઊંચી રહી છે. ઊંચા ભાવ મળી રહેવાની અપેક્ષાએ ખેડૂતો કઠોળનો વધુ પાક લઈ રહ્યા છે. જો કે જુવાર, બાજરા જેવા કડધાન્યની વાવણીમાં ઘટ જોવા મળી રહી છે, પરંતુ મકાઈમાં વધારો જોવા



મળે છે. તેલીબિયાંનું વાવેતર પણ ૫૪ ટકા જેટલું ઊંચું રહ્યું છે. શેરડી તથા કપાસના વાવેતરમાં પણ વધારો થયો છે.

કઠોળમાં તુવેર દાળ તથા અડદમાં વધારો થયો છે પરંતુ મગમાં ઘટ જોવા મળી રહી છે. બાજરાની વાવણીમાં નોધપાત્ર ઘટાડો થયો છે. ગયા વર્ષે ૪૩.૦૨ લાખ હેકટર વિસ્તારની સરખામણીએ વર્તમાન મોસમમાં માત્ર ૧૧.૪૧ લાખ હેકટર વિસ્તાર પર બાજરાનું વાવેતર થયું છે. જુવારની વાવણી પણ ૭.૧૬ લાખ હેકટર સામે ૩.૬૬ લાખ હેકટર રહી હોવાનું કૃષિ મંત્રાલયના આંકડા જણાવે છે.

તેલીબિયાંમા મગફળીનું વાવેતર ૨૧.૨૪ લાખ હેકટર સામે ઘટી ૧૭.૮૫ લાખ હેકટર રહ્યું છે જ્યારે સોયાબીન ૨૮.૮૬ લાખ હેકટર સામે નોંધપાત્ર વધી ૬૦.૬૩ લાખ હેકટર રહ્યું છે. કપાસનું વાવેતર ૬૨.૩૪ લાખ હેકટર સામે વર્તમાન મોસમમાં ૮૦.૬૩ લાખ હેકટર વિસ્તાર રહ્યાનું પણ પ્રાપ્ત માહિતીમાં જણાવાયું છે. ગયા વર્ષના જુલાઈના પ્રથમ સપ્તાહ સુધીમાં ૩૩૧.૯૦ લાખ હેકટર વિસ્તાર પર ખરીફ વાવણી પૂરી થઈ હતી.

# બાબા રામદેવને ઝટકો, આદેશનું ઉલ્લંઘન કરવા બદલ હાઈકોર્ટે પતંજલિને ૫૦ લાખનો દંડ ફટકાર્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બાબા રામદેવની પતંજલિ આર્યુવેદ સામે એક પછી એક કાનૂની અડચણો આવી રહી છે. હવે કપૂરની પ્રોડક્ટ સંબંધિત એક કેસમાં બોમ્બે હાઈકોર્ટે ૫૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. કોર્ટે આદેશનું ઉલ્લંઘન કરવા બદલ આ એક્શન લીધી હતી. ખરેખર હાઇકોર્ટમાં પતંજલિ આયુર્વેદ સામે ટ્રેડમાર્ક ઉલ્લંઘનનો કેસ દાખલ થયો હતો. આ કેસ પણ કપૂર પ્રોડક્ટ્સ સાથે સંકળાયેલો હતો.



૩૦ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ કોર્ટે પતંજલિ સામે કપૂરની પ્રોડક્ટ વેચવા પર પ્રતિબંધ મૂકી દીધો હતો. વચગાળાની અરજી દ્વારા કોર્ટને જાણકારી મળી કે પતંજલિએ આદેશનું ઉલ્લંઘન કર્યું છે. તાજેતરના કેસમાં સુનાવણી જસ્ટિસ આર.આઈ છાગલાએ કરી હતી. તેમણે નોંધ લીધી કે પતંજલિએ જાતે જ ઓગસ્ટમાં આદેશ જારી થયા બાદ કપૂરની પ્રોડક્ટ્સનો સપ્લાય કર્યો હતો.

કોર્ટે આદેશમાં કહ્યું કે પક્ષકાર નંબર ૧ તરફથી ૩૦ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ પ્રતિબંધના આદેશનું વારંવાર ઉલ્લંઘન કોર્ટ સહન નહીં કરે. કોર્ટે પતંજલિ આયુર્વેદને આદેશ જારી થવાના એક સપ્તાહમાં ૫૦ લાખ રૂપિયા જમા કરાવવા કહ્યા છે. કોર્ટના આદેશ બાદ પતંજલિએ સોગંદનામુ દાખલ કર્યું હતું. જેમાં બિનશરતી માફી માગી હતી અને કોર્ટના આદેશનું પાલન કરવા કહ્યું હતું.

# મોરબી પોલીસમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ પૃથ્વીરાજસિંહ જાડેજાને મુખ્યમંત્રી દ્વારા સન્માનિત કરાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પૃથ્વીરાજસિંહ રણજીતસિંહ જાડેજાનું માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે તા.૦૮/૦૭/૨૪ ને સોમવારનાં રોજ સન્માન કરવામાં આવ્યું હતું. પૃથ્વીરાજસિંહએ ૨૬ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ આફ્રિકા ખંડના સૌથી ઊંચા પર્વત માઉન્ટ કિલિમાન્જારો જેની ઊંચાઈ ૫૮૯૫ મીટર અને ૧૯,૩૪૧ ફૂટ છે તે સફળતાપૂર્વક સર કર્યું હતું. તેમજ પૃથ્વીરાજસિંહની ૨૦૧૯ માં ટંકારા ખાતે રેસ્ક્યુ કામગીરી દરમિયાન બન્ને ખંભે દિકરીઓને ઊચકી લગાતાર આવન જાવન કરી ૪૨ લોકોને બચાવ્યા હતા એ ભૂતકાળ વાગોડી મુખ્યમંત્રીએ અભિનંદન પાઠવી સમાજ દેશ સેવા કરતા રહેવા શુભેચ્છા પાઠવી છે.

મોરબી તાલુકાના પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ ફરજ બજાવતા પૃથ્વીરાજસિંહ જાડેજાએ આફ્રિકા ખંડના તાન્જાનિયા દેશમાં આવેલ આફ્રિકા હાઈએસ્ટ પોઇન્ટ માઉન્ટ કિલીમાન્જારો શિખર ઊંચાઈ ૫૮૯૫ મીટર, ૧૯૩૪૧ફૂટ ના પોઇન્ટ ને સર કર્યો છે. જે બદલ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અભિનંદન પાઠવી શુભકામનાઓ આપી છે. તેમજ મોરબીના ટંકારા પંથકમાં પૂરની સ્થિતિ વચ્ચે બે બાળકોને ખંભા પર ઊંચકીને કેડ સમાં પાણીમાંથી બહાર કાઢી જીવ બચાવ્યો હતો. જે સાહસ અને શૌયના કાર્યના વખાણ કર્યા હતા. તેમજ સાહસિક પ્રવૃત્તિઓ કરી ગુજરાત રાજ્યનું નામ વૈશ્વિક ફલક પર ઉજ્જવળ બનાવવા શુભકામનાઓ સાથે અભિનંદન પાઠવ્યા હતા.

# લાંચકાંડમાં જી.જી. હોસ્પિટલના પટાવાળા અશોક પરમારની ધરપકડ કરતી એસીબી





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની જી.જી હોસ્પિટલ મેડિકલ બોર્ડના પટાવાળા અશોક પરમારે એક શિક્ષક અરજદારને ફિટનેસ સર્ટિફિકેટ આપવા માટે રૂપિયા ૪૫૦૦૦ની લાંચની માંગણી કરી હતી અને રૂપિયા ૨૦,૦૦૦ તાત્કાલિક લઈ લીધેલા અને બાકી રહેતી લાંચની રકમ રૂપિયા ૨૫ હજારની રોકડ સૌપ્રથમ આંગડિયા મારફતે મોકલવાનું ત્યારબાદ રૂબરૂ આવી આપી જવાનું ફરિયાદી દ્વારા એસીબીને જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ જીજી હોસ્પિટલમાં એસીબીએ ગોઠવેલ લાંચના છટકા દરમ્યાન આરોપી પટાવાળો અશોક પરમારે ફરિયાદી પાસેથી પંચની હાજરીમાં રૂપિયા ૨૫,૦૦૦ સ્વીકારેલ પરંતુ એસીબીની ટ્રેપનો શક પડી જતા લાંચ ની રકમ ફરિયાદીને પરત આપી દઈ ફરિયાદીના હાથમાં રખાવી ફરિયાદીનું કાંડુ બળજબરી પૂર્વક પકડી રાખી પાવડર વાળી નોટો નળના પાણીમાં ધોળાવી નાખી મુદ્દાની નોટ પર લગાવવામાં આવેલ પાવડરના પુરાવાનો નાશ કરવાનો પ્રયત્ન કરી લાંચ ની રકમ ફરિયાદીને પરત આપી દીધેલ અને અગાઉ પોતે લઈ લીધેલ રૂપિયા ૨૦,૦૦૦ પણ પરત આપી દેશે તેમ જણાવી બનાવ સ્થળેથી નાસી છૂટેલા આરોપી પટાવાળો અશોક પરમાર જે ફરાર હતો તેને આજરોજ અઈઇ દબોચી લીધો છે અને ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ચુંવાળીયા કોળી સમાજના વ્યક્તિને ભાજપ પ્રદેશ પ્રમુખ બનાવવા પ્રધાનમંત્રીને રજુઆત કરતા યુવા અગ્રણી મયુર ઠાકોર



**મુખ્ય સમાચાર, મોરબી**

તાજેતરમાં લોકસભાની ચૂંટણી પૂર્ણ થતા ભાજપની ગઠબંધનવાળી સરકાર બનતા ત્રીજી વખત નરેન્દ્ર મોદી ભારતના વડાપ્રધાન પદના શપથ લીધા હતા. ત્યારે ગુજરાતમાં ૨૬ સીટની હેટ્રિકથી ભાજપ માત્ર એક સીટ માટે રહી ગઈ હતી આ પરિસ્થિતિ વચ્ચે ગુજરાતમાં રાજકીય ઉથલ પાથલ થવાની અટકળો તેજ બનતા ગુજરાતમાં પ્રદેશ અધ્યક્ષ સાથે મંત્રી મંડળમાં પણ ઘણા ફેરફાર થવાની સંભવના તેજ બની છે તેવામાં તાજેતરમાં જ મળેલ ભાજપની કારોબારી બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ સી.આર પાટીલે પણ પોતાને જવાબદારીમાંથી મુક્ત કરવાના નિવેદનથી અટકળોને વેગ મળ્યો છે.

તેવામાં વિવિધ સમાજ પોતાના મતની ટકાવારી પ્રમાણે પદની માગણીઓ કરી રહ્યા ત્યારે ગુજરાતમાં ચુવાળીયા કોળી ઠાકોર સમાજ પણ સૌરાષ્ટ્ર તેમજ ગુજરાતમાં બહોળી વસ્તી ધરાવતો હોય અને કાયમી ભારતીય જનતા પાર્ટીને વફાદાર રહી સ્થાનિક સ્વરાજની તેમજ લોકસભા-વિધાનસભાની ચૂંટણીઓમાં પણ પાર્ટીને જીતાડવા માટે રાત દિવસ મહેનત કરતો રહ્યો છે ગુજરાત સહિત સૌરાષ્ટ્રના અનેક જિલ્લામાં ચુવાળીયા કોળી સમાજ પ્રભુત્વ ધરાવે છે ઉપરાંત અનેક બેઠક પર ચુવાળીયા કોળી સમાજના મત નિર્ણાયક છે ગુજરાતમાં અટલો બહોળો સમાજ હોવા છતાં એક પણ ધારાસભ્ય ચુવાળીયા કોળી સમાજનો ન હોય તો પણ આ સમાજ હર હંમેશ પાર્ટીને વફાદાર રહી પાર્ટીને જીતાડવા મહેનત કરતો હોય ત્યારે સમાજની પક્ષ પ્રત્યેની વફાદારીના વળતર રૂપે ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ પદ ચુવાળીયા કોળી સમાજને આપવાથી આ સમાજ ઉત્સાહ સાથે બમણી ઉર્જાથી પાર્ટી માટે કાર્ય કરશે જેનો સીધો ફાયદો ભાજપને ભવિષ્યમાં આવનાર ચૂંટણીમાં થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ તરીકે ચુવાળીયા કોળી સમાજને પ્રભુત્વ આપવાની માંગણી અને લાગણી સાથે મોરબી જિલ્લા ચુવાળીયા કોળી સમાજના યુવા અગ્રણી મયુર ઠાકોરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખી રજૂઆત કરી હતી

# જામનગર મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા વરસાદી પાણીના નિકાલ અંગેની માર્ગદર્શિકા જાહેર કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરમાં હાલમાં વર્ષાઋતુનો સમયગાળો છે. તેથી સમગ્ર શહેરમાં નાગરિકોના ઘરની છત પર, નકામા પડી રહેલ સરસામાન, નાના મોટા ખાડા, ખાબોચિયામાં વરસાદી પાણીના ભરવાના કારણે મચ્છરની ઉત્પત્તિમાં વધારો થવાની શક્યતા રહેલી છે. જેનાથી મચ્છરજન્ય રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચીકનગુનિયાના કેસોમાં પણ વધારો થવાની શક્યતા રહેલી છે.

તેને ધ્યાનમાં રાખતા જામનગર શહેરમાં ૧૨ આરોગ્ય કેન્દ્ર પર વાહકજન્ય રોગ અટકાયત અંગેની કામગીરી હાલમાં ચાલુ છે. જેમાં હાઉસ ટુ હાઉસ સર્વે, લોકોમાં વાહકજન્ય રોગ પ્રત્યે જાગૃતિ લાવવાના કાર્યો, એબેટ કામગીરી, ઈન્ટ્રા ડોમેસ્ટિક એન્ટી લાર્વલ સર્વેલન્સ કામગીરી વગેરે જેવા વિવિધ રોગ અટકાયતી કામગીરી કરવામાં આવી રહી છે.તે માટે તમામ શહેરીજનોનો પુરતો સહકાર મળી રહે તે ખુબ જ અગત્યની બાબત છે. આવા મચ્છરજન્ય રોગોને નિયંત્રિત કરવા માટે દરેક શહેરીજનોને આરોગ્ય શાખા દ્વારા ખાસ અપીલ કરવામાં આવે છે. ઘરમાંથી તેમજ ઘરની આસપાસ ભરાયેલા પાણીમાંથી મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય તે માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.ખુલ્લામાં પડી રહેલા ટાયર, નકામો સરસામાન વગેરેમાં વરસાદનું પાણી ભરાવાથી મચ્છરની ઉત્પત્તિ થાય છે. તેનાથી મચ્છરજન્ય રોગો જેવા કે ડેન્ગ્યુ, ચીકુનગુનિયા અને મેલેરિયાના ફેલાવાની શક્યતા વધી જાય છે. તેથી જામનગર શહેરના ટાયરના વિક્રેતાઓ, ટાયર-પંચરના ધંધાર્થીઓ, ભંગારના વેપારીઓ વગેરેએ તાત્કાલિક ધોરણે ખુલ્લામાં પડી રહેલા ટાયર, ભંગાર, જૂનો સરસામાન વગેરેનો નિકાલ કરવા કે શેડ વાળી જગ્યા પર પાણી ભરાય ન રહે તે રીતે તેને મૂકી દેવા જણાવવામાં આવે છે.રહેણાંક મકાનો, દુકાનો, કોમર્શિયલ કોમ્પલેક્ષ, તેની આજુબાજુના વિસ્તારોમાં, સરકારી અને બિનસરકારી તમામ સંસ્થાઓને તેમના કેમ્પસ વિસ્તારો અને કોમ્પલેક્ષના છત પર પ્રિ-મોનસૂન એક્ટીવીટી સબબ વરસાદી પાણી ભરાઈ ન રહે તે માટે છત પર પડી રહેલો નકામો ભંગાર દુર કરાવી, સફાઈ કરાવી લેવા અને વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.શહેરના તમામ નાગરિકોએ તેમના ઘરની અંદર કોઈપણ પાણી ભરેલા પાત્ર ખુલ્લું ન રહે તે અંગે ખાસ તકેદારી રાખવી જોઈએ.

પાણી ભરેલા તમામ વાસણો હવાચુસ્ત ઢાંકણથી ઢાંકી રાખવા જોઈએ.પાણીની ટાંકીઓ, ફૂલદાનીઓ, પક્ષીકુંજ, કુલર, ફ્રીજની ટ્રે વગેરે અઠવાડિયામાં એક વખત અચૂક અને વ્યવસ્થિત રીતે સાફ કરવી જોઈએ. પાણીના નાના ખાડા, ખાબોચિયામાં ભરાયેલા વરસાદી પાણીને વહેડાવી દો કે તેને માટીથી પૂરી દો.મોટા પાણીના ભરાવામાં બળેલું ઓઈલ કે કેરોસીન નાખવું જોઈએ. જેથી મચ્છર ઉત્પતિ પર નિયંત્રણ લાવી શકાય.અગાસી, છજ્જા, પાર્કિંગની જગ્યા, સેલરમાં ભરાઈ રહેલા પાણીનો તાત્કાલિક ધોરણે નિકાલ કરવો જોઈએ.ચોમાસામાં નકામા ટાયરો, ખાલી વાસણો, ધાબા પરના ડબ્બા, અન્ય જુના સરસામાનમાં વરસાદી પાણી ભરાવા દેવું ના જોઈએ.મચ્છરોના કરડવાથી બચવા માટે દિવસે અને રાત્રે મચ્છરદાનીનો ઉપયોગ કરવો જોઈએ. આખી બાંયના કપડાં પહેરો અને મચ્છર ભગાડવાની કોઈલ, ક્રીમ વગેરે મેડિકેટેડ વસ્તુઓનો ઉપયોગ કરો.

ડ્રાય ડે ઉજવો : દર અઠવાડિયે એકવાર સવારે ૧૦:૦૦ કલાકે ૧૦:૦૦ મિનીટનો સમય કાઢીને ઘરમાં ઉપયોગમાં લેવાતા તમામ પાણીના પાત્રોને ખાલી કરીને તેને ઘસીને સાફ કરવા જોઈએ. તેને સુકવ્યા બાદ જ ફરીથી તે સાધનો ઉપયોગમાં લેવા જોઈએ. જામનગર શહેરના તમામ નાગરિકોને અત્રે જણાવેલ માર્ગદર્શિકાનું ખાસ પાલન કરવા માટે મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ, આરોગ્ય શાખા, જામનગર મહાનગરપાલિકાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબી જીલ્લા પોલીસ વેલ્ફેર અંતર્ગત હળવદ પોલીસ લાઈનમાં બાળકો માટે શિક્ષણ-વર્ગો યોજાયા

## અંગ્રેજી, ગણિત તથા વિજ્ઞાન વિષયો માટે ૧૦ દિવસીય શિક્ષણ-વર્ગો પૂર્ણ







**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પોલીસ વેલ્ફર અંતર્ગત હળવદ પોલીસ દ્વારા હળવદ પોલીસ લાઇનના ૧ થી ૧૦ ધોરણ સુધીના બાળકો માટે મુખ્ય વિષયો જેવા કે અંગ્રેજી, ગણિત તથા વિજ્ઞાન વિષય માટે ૧૦ દિવસીય શિક્ષણ-વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું.

મોરબી જીલ્લા પોલીસવડા રાહુલ ત્રિપાઠીની સૂચના અને માર્ગદર્શન હેઠળ મોરબી જીલ્લા પોલીસ વેલફેર અંતર્ગત હળવદ પોલીસ લાઇન ખાતે પોલીસ પરિવારના બાળકોનો સર્વાંગી વિકાસ તેમજ બાળકોમાં કૌશલ્ય વિકાસ થાય તથા અભ્યાસની પ્રવૃતીઓમાં વધારો થાય તે માટે હળવદ પોલીસ દ્વારા હળવદ પોલીસ લાઇન ખાતે પોલીસ લાઇનના બાળકો માટે અંગ્રેજી, ગણીત તથા વિજ્ઞાનના વિષયના તા.૦૧ જુલાઈ થી તા.૧૦ જુલાઈ ૨૦૨૪ સુધી શિક્ષણ વર્ગોનું આયોજન કરાયું હતું. જેમાં ૧ થી ૧૦ ધોરણના આશરે ૩૫ જેટલા બાળકોએ આ શિક્ષણ વર્ગોનો લાભ લીધેલ હતો. ત્યારે ૧૦ દિવસીય શિક્ષણ વર્ગો પૂર્ણ થયે તમામ બાળકોને પ્રોત્સાહન રૂપે હળવદ પોલીસ સ્ટેશન દ્વારા શૈક્ષણીક કીટ આપવામાં આવી હતી.

# જામજોધપુરના ધ્રાફા ગામે અવર જવર કરવા માટે વૈકલ્પિક વાહન વ્યવહારનો રૂટ જાહેર કરાયો

**મુખ્ય સમાચાર, વિજય બગડા**

**જામજોધપુર:** જામજોધપુર નગરપાલિકા વિસ્તારમાં સ્થિત ધ્રાફા ફોટક (રેલવે ક્રોસીંગ) પાસે આવેલા માર્ગના સમારકામ અર્થે ઉક્ત ક્રોસિંગ વાળો રસ્તો બંધ કરવા અંગે અને વૈકલ્પિક રસ્તાની વ્યવસ્થા સાથે ત્રણ માસના સમયગાળા માટે આ રસ્તો બંધ કરવા અંગેની રજૂઆત સામે આવી છે.

હાલમાં ચોમાસાની ઋતુ હોવાથી આ કામગીરી ઝડપથી પૂર્ણ કરવા અને અન્ય તમામ પરિબળોને ધ્યાનમાં રાખતા સુનિશ્ચિત સમયમર્યાદમાં કાર્ય પૂર્ણ કરવા અને આ કાર્ય સમયે ટ્રાફીક સમસ્યા નિવારવા, સમારકામની કામગીરીમાં અડચણ ઊભી ન થાય તે માટે જાહેરનામું બહાર પાડવું ઉચિત જણાય છે.

તેથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બી.એન.ખેર, જામનગર દ્વારા તેમને મળેલ સત્તાની રૂઈએ બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, આગામી તારીખ ૦૨/૧૦/૨૦૨૪ સુધી જામજોધપુર નગરપાલિકા વિસ્તારમાં સ્થિત ધ્રાફા ફાટકની બંને બાજુના રસ્તા પર અત્રે જણાવ્યા મુજબના વાહનો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે અને આ સાથે ઉપરોક્ત માર્ગ પર વાહન વ્યવહાર તેમજ અવર-જવર બંધ રહેશે.

જેમાં ભારે વાહનો સિવાયના વાહનો અને રાહદારીઓ માટે ધ્રાફા બાજુથી આવવા જવા માટે ગાયત્રી મંદિર પાછળથી પોલીસ સ્ટેશન પાસેથી રેલવે સ્ટેશનથી સ્વામિનારાયણ મંદિર પાસે થઈને બાલવા ફાટક પસાર થઈને સી.એચ.સી.હોસ્પિટલથી કષ્ટભંજન હનુમાન મંદિર સુધીનો વૈકલ્પિક રસ્તો લાગુ પાડવામાં આવ્યો છે.

તેમજ ભારે વાહનો માટે ધ્રાફા અને બાલવા બાજુથી આવતા વાહનો જેને શહેરની બહાર ગીંગણી કે સીદસર આગળ જવાનું હોય, તો તેમને બાલવા ફાટકથી બસ સ્ટેન્ડથી જુની કોલેજ/બહુચરાજી મંદિર પાસેથી ગૌશાળાથી સ્મશાનના રસ્તે થઈને માણેક ફાર્મવાળા બાયપાસ રોડ તરફ તથા વિરુદ્ધ દિશામાં આવવા જવાનું રહેશે. આ જાહેરનામું તાત્કાલિક અસરથી અમલમાં લાવવું જરૂરી હોય, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૬) ના પરંતુકની જોગવાઈ મુજબ તાત્કાલિક અસરથી અમલમાં મુકવામાં આવે છે. આ જાહેરનામાંની તમામ જાહેર જનતાને જાણ થાય તે રીતે ચીફ ઓફિસરશ્રી, જામજોધપુર નગરપાલિકા, જામજોધપુરે તેની બહોળી રીતે પ્રસિધ્ધી કરાવવાની રહેશે. તેમજ રસ્તાઓના અગ્રભાગે જાહેર જનતાને સરળતાથી જાણકારી મળી રહે તે મુજબના બોર્ડ મુકાવવાના રહેશે. ઉપરોક્ત પ્રતિબંધાત્મક હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારી વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# જામનગર તાલુકાના ચેલા ગામના ખેડૂત કરી રહ્યા છે, પ્રાકૃતિક પ્રોડક્ટ્સની હોમ ડિલિવરી









**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના ચેલા ગામના ખેડૂત કરી રહ્યા છે, પ્રાકૃતિક પ્રોડક્ટ્સની હોમ ડિલિવરી લખમણભાઈ ગાયના દૂધની સાથે પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી ઉગાડેલા ફળો અને શાકભાજી પણ લોકોના ઘર સુધી પહોંચાડે છે.સ્વરોજગારી હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મની સ્થાપના માટે તેઓને રૂ.૨,૨૫૦૦૦ ની સહાય તેમજ ગાય નિભાવ ખર્ચ સહાય યોજના અંતર્ગત દર વર્ષે રૂ.૧૦,૮૦૦ની સહાય મળે છે.ખેતરમાં રાસાયણિક ખાતરના બદલે ગાયનું છાણ, ગૌમૂત્ર, છાશનો જ ઉપયોગ કરું છું.લખમણભાઈ નકુમ.ઓનલાઈન વેબસાઇટ પરથી તમે અનેક વસ્તુઓની ઘરે બેઠા ખરીદી કરી શકો છો. પણ ગાયનું દૂધ અને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી ખેતરમાં ઉગાડેલા શાકભાજી અને ફળોની હોમ ડિલિવરી વિષે નહિ સાંભળ્યું હોય. જામનગર તાલુકાના ચેલા ગામમાં રહેતા લખમણભાઈ નકુમ જામનગર શહેરમાં દેશી ગાયનું દૂધ તેમજ પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી ઉગાડેલા ફળો અને શાકભાજીની તેમજ મગફળીનું વાવેતર કરે ત્યારે શુધ્ધ મગફળીનું તેલ લોકોના ઘર સુધી કોઈપણ ડિલિવરી ચાર્જ લીધા વગર પહોંચાડે છે. પોતાના ૧૪ વીઘા ખેતરમાં તેઓ બારેક વર્ષથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. જેમાં લખમણભાઈ શાકભાજી, ઘાસચારો, ફળોનું વાવેતર કરી સારી આવક મેળવી રહ્યા છે. તેમની પાસે અંદાજિત ૨૨ જેટલી દેશી ગાયો છે. જેનું ગૌમૂત્ર, છાણ તેમજ ખાટી છાશ એકત્ર કરી તેઓ જંતુનાશકો તરીકે જમીનમાં છંટકાવ કરે છે. જેનાથી રાસાયણિક ખાતર પાછળ પૈસા ખર્ચ થતાં નથી. તેમજ સંપૂર્ણ કુદરતી રીતે પાકનું ઉત્પાદન થયું હોવાથી વધારે ભાવ મળતા તેઓની આવક બમણી થઈ છે.લખમણભાઈ નકુમ જણાવે છે કે, મારે ૧૪ વીઘા જમીન છે હું ૨૦૧૩થી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરું છું. અગાઉ મારી પાસે ઓછી ગાયો હતી. પરંતુ વર્ષ ૨૦૨૦-૨૧માં પશુપાલન વિભાગ દ્વારા સ્વરોજગારી હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મની સ્થાપના માટે રૂ.૨,૨૫,૦૦૦ની સહાય આપવામાં આવી છે. હાલમાં મારી પાસે ૨૫ ગાયો છે. આત્મા પ્રોજેક્ટ દ્વારા એક ગાયની સહાય એક મહિનાના રૂ.૯૦૦ લેખે આપવામાં આવે છે. જે વાર્ષિક રૂ.૫૪૦૦ના બે હપ્તા દ્વારા ચૂકવવામાં આવે છે. હાલ બાગાયતી પાકોના બગીચામાં જામફળ, ચીકુ, સીતાફળ, ખારેક, નાળિયેર, લીંબુનું વાવેતર કર્યું છે. તેમજ મગફળી અને શાકભાજીનું પણ વાવેતર કરું છું.જામનગર શહેરમાં એમ્યુઝમેન્ટ પાર્ક પાસે આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતીના માધ્યમથી ઉત્પાદિત વસ્તુઓનું વેચાણ કરવા વિનામૂલ્યે સ્ટોલ ફાળવવામાં આવ્યા છે. ત્યાં શાકભાજી અને ફળોનું વેચાણ કરતાં બજાર ભાવ કરતાં એક કિલો શાકભાજીના રૂ.૨૦ થી રૂ.૩૦ વધારે મળવાથી આર્થિક ફાયદો થાય છે. હું મગફળીનું પણ વાવેતર કરું છું અને તેમાંથી તેલ બનાવી તેનું વેચાણ કરું છું. અમે પણ શુધ્ધ વસ્તુઓ ખાય છીએ અને ગ્રાહકને પણ શુધ્ધ વસ્તુઓ ખવડાવીએ છીએ. ગાયોનું દૂધ કાંચની બોટલમાં ભરી શહેરમાં હોમ ડિલિવરી કરું છું જેના પ્રતિ લિટરના ૮૦ રૂપિયા મળે છે. ગાયના દૂધની સાથે હું પ્રાકૃતિક રીતે ઉત્પાદન થયેલા શાકભાજી અને ફળો પણ લોકોના ઘર સુધી પહોંચાડુ છું. રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમો દરમિયાન પ્રાકૃતિક સ્ટોલ ઊભા કરવામાં આવે છે. ત્યાં હું મારી વસ્તુઓનું વેચાણ કરી શકું છું સાથોસાથ વિનામૂલ્યે જાહેરાત થાય છે અને વેચાણ પણ વધે છે. પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોને પ્રોત્સાહિત કરવા બદલ હું સરકારનો આભાર વ્યક્ત કરું છું.ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ રાજ્ય સરકારે પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહિત કરતી નવી યોજના અમલમાં મૂકી છે. રાજ્યના દરેક નાગરિકને રાસાયણીક ખાતર તેમજ જંતુનાશક દવાના ઉપયોગ કર્યા વિના ઉત્પાદિત કરેલા શાકભાજી પાકો સરળતાથી મળી રહે તે માટે શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ શાકભાજીની ખેતી પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી કરતા હોય તેવા ખેડૂતોને બિયારણ, પ્રાકૃતિક ઇનપુટ ખેતી ખર્ચ તથા શાકભાજીની પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળે તે માટે મહત્તમ રૂ.૨૦,૦૦૦ પ્રતિ હેકટર સહાય આપવામાં આવશે. આ યોજનાના અમલીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્રમાં રૂ.૧૦૦૦ લાખની રકમ ફાળવવામાં આવી છે.

# જામનગર તાલુકાના મોરકંડા ગામે વિશ્વ વસ્તી દિવસની ઉજવણી અંતર્ગત કાર્યક્રમ યોજાયો



**મુખ્ય સમાચાર, જામનગર**


જામનગર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટી ભલસાણ હેઠળ આવતા મોરકંડા ગામ ખાતે આવેલ જી.આર.માલદે હાઇસ્કુલ ખાતે વિશ્વ વસ્તી દિવસની ઉજવણી અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધોરણ ૯ અને ધોરણ ૧૦ ના ૯૫ જેટલા વિદ્યાર્થીઓને કોલેરા રોગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કોલેરા બેક્ટેરિયાથી થતું ઇન્ફેક્શન છે જે વિબ્રિઓ કોલેરા.બેક્ટેરિયાથી થાય છે જે આંતરડાનો તીવ્ર ચેપી રોગ છે. તેના કારણે ઝાડા, ઉલટી થાય છે અને શરીરમાં પ્રવાહી ઘટી જાય છે. ગંભીર કિસ્સાઓમાં જો તાત્કાલિક સારવાર ન મળે તો દર્દીને ડિહાઈડ્રેશન થઇ શકે છે, તેને આઘાત (શોક) લાગી શકે છે અને તેનું મૃત્યુ પણ થઈ શકે છે. તે માટે ઉકાળેલું ગરમ પાણી પીવું જોઈએ. તેમજ વારંવાર હાથ ધોઈને સ્વચ્છ રાખવા અને અન્ય સાવચેતી રાખવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અન્ય વાહકજન્ય રોગ જેવા કે મલેરીયા, ડેન્ગયુ જેવા રોગો ન ફેલાય તેના માટે શું સાવચેતી રાખવી જોઈએ તે અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરાયા હતા. આ રોગના વાયરસને રોકવા માટે ઘરમાં અગાસી પર પક્ષી કુંજને સમયસર સાફ કરવું તેમજ ખુલ્લા પાણીનાં ટાંકા ઢાંકી રાખવા જોઈએ.આ સિવાય એનિમિયા આયર્નની ઉણપથી થઈ શકે છે. શરીરમાં લાલ રક્તકણોની સંખ્યામાં ઘટાડો થાય છે. તેના કારણે થાક લાગવો, શ્વાસોચ્છવાસમાં તકલીફ પડવી વગેરે જેવી સમસ્યા થાય છે. આવા સંજોગોમાં પોષણયુક્ત આહાર, લીલા શાકભાજી, કઠોળ, ઘઉં, બાજરી, રાગી વગેરે પોષણયુક્ત આહાર લેવા અંગે માહિતી અપાઈ હતી.સમગ્ર કાર્યક્રમનું આયોજન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.નુપુર પ્રસાદ, તાલુકા હેલ્થ ઓફિસર ડો.જીગ્નેશ પટેલ, ડી.એસ.બી.સી.સી. ચિરાગ પરમાર, એમ.પી.ડબલ્યુ, એસ.ટી.એસ. વિમલભાઈ નકુમ અને પી.એમ.ડબલ્યુ. કપિલ લીંબાણી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ ઉપસ્થિત સર્વેને માહિતી આપતી પત્રિકા વિતરણ કરવામાં આવ્યું હતું.

# જેતપુરમાં પ્રદુષણ ફેલાવતા કારખાનેદારે જાગૃત યુવાનને દબાવવાનો કર્યો પ્રયાસ

## જીપીસીબી તંત્ર મહેરબાન તો કારખાનેદાર પહેલવાનઃ પ્રદુષણનો વિડીયો બનાવતા યુવાનને કારખાનેદાર કહ્યું ખંડણી માંગ્યાની ફરિયાદ કરીશ, અમારી પાછળ મગન ચોવટીયા અને અનિલ કાછડીયાનો હાથ

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરના જુના પાંચ પીપળા રોડ ઉપર આવેલ એક કારખાનેદારની દાદાગીરી અંગેનો વિડીયો સોશિયલ મીડિયામાં વાઇરલ થયો છે. કારખનેદાર દ્વારા વરસાદી પાણી સાથે કેમિકલ વાળું પાણી જાહેરમાં છોડવામાં આવતું હોવાથી એક જાગૃત યુવાન દ્વારા વિડીયો ઉતારવામાં આવે છે.જે યુવકને ખંડણી ગુનામાં ફિટ કરી દેવાની ધમકી આપી કહેવામાં આવે છે કે અમારી પાછળ મગન ચોવટીયા અને અનિલ કાછડીયાનો હાથ છે.અમે પણ લાંબુ કરીશું.

પ્રાપ્ત વિગતો મુજબ જેતપુરના અનેક રહેણાંક વિસ્તારોમાં પણ સાડીના કારખાના ધમધમી રહ્યા છે. ત્યારે રાજકોટ જીપીસીબી તંત્રના અધિકારીઓ સાથે ખો ખો રમતા એક લંબુ કારખાનેદાર દ્વારા એક દિવસ પૂર્વે વરસતા વરસાદમાં કેમિકલ યુક્ત પાણી છોડવામાં આવ્યુ હતું.આ અંગે એક જાગૃત યુવાન વિડીયો બનાવવા જતાં તેની સાથે બે કારખાનેદાર શખ્સોએ શાબ્દિક બોલાચાલીને કરીને ધમકી આપી હતી.જે અંગેનો વિડીયો સોશિયલ મીડિયામાં વાઇરલ થયો છે.

ચોમાસામાં જ્યારે જ્યારે વરસાદ આવે ત્યારે આ કારખાનેદાર દ્વારા આ પ્રકારે રસ્તા ઉપર કલર કેમિકલ યુક્ત પાણી કારખાનામાંથી બહાર કાઢવામાં આવે છે.જ્યારે કોઈ આ બાબતે ફોટો વિડિયો ઉતારે તો આ લંબુ કારખાનેદાર તેને ધમકાવા લાગે છે કે જો તમે ઉતારશો તો આમાં લાંબુ થશે. આ વિસ્તાર રહેણાંક વિસ્તાર હોય અને કલર કેમિકલ યુક્ત પાણી કાઢવામાં આવે છે. પ્રદુષિત પાણીથી લોકોના પગની અને શરીરમાં ચામડીના રોગો પણ થઈ શકે તેવી શક્યતા છે.

આ અંગે જેતપુર ડાઇંગ એન્ડ પ્રિન્ટિંગ એસોસિએશનના પ્રમુખ જેન્તીભાઈ રામોલિયા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આવા જે કારખાને દારો છે તેની માથે જીપીસીપી દ્વારા કાયદેસર કાર્યવાહી કરવી જોઈએ પરંતુ જીપીસીપીનેના અધિકારીઓ રંગલાની ભૂમિકા ભજવે છે.અમુક આવા લે ભાગુ કારખાનેદારોના હિસાબે તમામ કારખાનાઓને બદનામ થવું પડે છે. વારંવાર ચોમાસામાં આ જ પ્રકારે પાણી બહાર કાઢવામાં આવે છે અને તેનો ટાર્ગેટ સીધું ડાંઇગ એસોસિએશન બને છે

# હીરાસર એરપોર્ટ બાબતે રાજકોટ કોંગ્રેસે કર્યો નવતર વિરોધ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા હીરાસર એરપોર્ટ પરથી ઈન્ટરનેશનલ ફલાઈટ હાલમાં ઉડી શક્શે નહીં તેવી જાહેરાત બાદ આજે નવતર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. શહેર કોંગ્રેસ ।રા બહુમાળી ભવન ચોક ખાતે રમકડાના પ્લેન ઉડાડી સુત્રોચાર કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસે જણાવ્યું હતું કે, ભાજપે ચૂંટણી પૂર્વે પ્રજાનો વિશ્વાસ જીતવા ૧૪ કરોડનું આંધણ કર્યું હતું. વધુમાં હજુ ૧૫ ઓગસ્ટ સુધીમાં એરપોર્ટ ખાતે સ્થાયી ટર્મીનલનું નિર્માણ કાર્ય પૂર્ણ થશે. હજુ ઈન્ટરનેશનલ ફલાઈટ સંચાલન કરવા નવું ટર્મીનલ બનાવવા બાબતે પ્લાનિંગ થઈ રહ્યું છે.

# સિવિલ હોસ્પિટલ ફરી વિવાદમાંઃ ઓડિટ દરમ્યાન ફાઈલોના પોટલા ગુમ થયાની ચર્ચા

## તંત્ર વાહકોએ બારોબાર ખરીદ કરેલી દવા, અન્ય ચીજવસ્તુઓ ખરીદીને ટેન્ડર વગરની પ્રક્રિયાની ફાઈલો ગુમ થતા ભારે ચકચાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તાજેતરમાં એજી ઓડિટ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન હોસ્પિટલની મહત્વની ફાઈલોના પાંચ પોટલાનું વહેલી સવારે ઓપરેશન કરવામાં આવતા સમગ્ર કચેરીમાં આ મુદ્દો ચર્ચાસ્પદ બન્યો છે.

તારીખ ૧ના રોજ એ.જી. ઓફિસની ટીમે સિવિલ હોસ્પિટલ, મેડિકલ કોલેજ સહિતના અલગ અલગ વિભાગમાં ઓડિટની કામગીરી હાથ ધરી હતી. ઓડિટના બે દિવસ બાદ આરોગ્ય વિભાગ દ્વારા સિવિલ અધિક્ષકની બદલી કરી દેવામાં આવી હતી.ઓડિટ વિભાગની ટીમને સિવિલ હોસ્પિટલમાંથી ઘણી બધી ક્ષતિઓ મળી આવી હતી. તેમજ કેટલાક હિસાબના ટાંગામેળ પણ થતો ન હોવાનું કર્મચારી આલમમાં ચર્ચાતું હતું. આ દરમિયાન ભ્રષ્ટાચારના 'સાગર'માં ડૂબેલી હોસ્પિટલના મહત્વના દસ્તાવેજો ના પાંચ જેટલા પોટલાનું સાહિત્ય હોસ્પિટલના જ એક કર્મચારીએ એજી ઓડિટ વિભાગની ટીમને હાથ ન લાગે તે માટે વહેલી સવારના વહીવટી સહિતની ઓફિસો ખોલીને ડોક્યુમેન્ટ કાઢીને સગેવગે કરી નાખ્યા હોવાની ચર્ચા એ જોર પકડયું છે.તત્કાલીન અધિક્ષક દ્વારા જે તે સમયે હોસ્પિટલમાં સાધન ખરીદી,દવા ખરીદી સહિત ટેન્ડરમાં પારદર્શકને બદલે બારોબારથી ખરીદી કરવામાં આવતી હતી. આ તમામ કારસ્તાનને ઢાંકવા માટે હોસ્પિટલના જ એક કર્મચારીએ એજી ની ટીમને મહત્વની ફાઈલો હાથ ન લાગે તે માટે વહેલી સવારે તેનો નિકાલ કરી દીધો હતો.

# જેતપુરના બોખલા દરવાજા પાસે ચાલતી જુગાર કલબ ઝડપાઈ

## સ્થાનિક પોલીસે દરોડો પાડી ક્લબના સંચાલક સહિત સાતને દબોચી લઈ રૂપિયા એક લાખથી વધુનો મુદ્દામાલ કબજે ક્ર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

જેતપુર સીટી પોલીસે બોખલા દરવાજા પાસે કોળીલાઈનમાં રહેતા શખ્સના રહેણાંક મકાનમાંથી જુગાર ક્લબ ઝડપી લઈ સાત શખ્સોની ધરપકડ કરી રૂપિયા એક લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે ક્ર્યો છે.

આ અંગેની માહિતી મુજબ જેતપુરમાં આવેલા બોખલા દરવાજા કોળીલાઈનમાં જગદીશ પ્રોવિજન સ્ટોરની સામે રહેતો અરવિણ ટપુ વાઘેલા નામનો શખ્સ પોતાના આર્થિક ફાયદા માટે બહારથી માણસો બોલાવી જુગારના સાધનો પુરા પાડી જુગાર ક્લબ ચલાવતો હોવાની હકીક્ત મળતા પીએસઆઈ એ.ડી.પરમાર એએસઆઈ બી.કે.ચાવડા કોન્સ્ટેબલ સાગરભાઈ સહિતના સ્ટાફે ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા જુગાર રમાડતો ક્લબનો સંચાલક અરવિદ વાઘેલા, મેહુલ દામજી ભુવા, કશ્યપ પ્રવિણ મહેતા, ગોવિંદ રામ ભેટારિયા, ઈનાયક ઈલીયાસ ભુવર, પરેશ સુરેશ ગંગાજરીયા, અભી કિરીટ રાંક સહિત સાત શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂ.૨૭૩૪૦ તથા મોબાઈલ અને બે બાઈક સહિત કુલ રૂપિયા એક લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગોંડલના ભુણાવા પાસે ૧૩૬૩ બોટલ વિદેશી દારૂ ભરેલી છોટાહાથી ઝડપાઈ

## પોલીસે બે બુટલેગરોની ધરપકડ કરી રૂ.૭.૭૬ લાખનો મુદ્દામાલ કબજે ક્ર્યો અન્ય બે શખ્સોની શોધખોળ




**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં બુટલેગરો માટે દારૂ કટીંગ કરવાનું સ્વર્ગ સમાન સ્થળ બની ગયું હોય તેમ દીનપ્રતિદિન દારૂ ઝડપાયાની ઘટનાઓ સામે આવી રહી છે. તે દરમિયાન ગોંડલ તાલુકા પોલીસે ભુણાવાથી મહિકા ગામ તરફ જવા રસ્તે બે શખ્સોને છોટાહાથીમાં દારૂની ૧૩૬૩ બોટલ સાથે દબોચી લેતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગોંડલ તાલુકા પોલીસ મથકના પીએસઆઈ આર.જે.જાડેજા, આર.આર.સોલંકી હેડ કોન્સ્ટેબલ રવિરાજસિંહ વાળા અને રણજિતભાઈ ધાંધલ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે ભુણાવા વિસ્તારમાં આવેલ મામાપીરના મંદિર પાસે વોચ ગોઠવી હતી. તેર દરમિયાન એક છોટાહાથી નં.જીજે૩ એએક્સ૨૦૯૮માં બે શખ્સો શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે અટકાવી તલાશી લેતા વિદેશી દારૂની ૧૩૬૩ બોટલ કિંમત રૂ.૫.૫૬ લાખનો દારૂનો જથ્થો મળી આવતા પોલીસે છોટાહાથીનો ચાલક વિજય કિશોર પરમાર (રહે.ગોંડલ સરકારી હોસ્પિટલ સામે ખાડામાં નદીનાકાંઠે) તથા પાર્થ ઉર્ફે ગુડુ ભીખા ડાભી (રહે.કપુરીયા ચોક બાપાસીતારામની મઢુલી પાસે ગોંડલ) નામના બે શખ્સોને દરોચી લઈ છોટાહાથી સહિત કુલ રૂ.૭.૭૬ લાખનો મુદ્દામાલ કબજે કરી ઝડપાયેલા બન્ને શખ્સોની આકરી પૂછપરછ કરતા દારૂનો જથ્થો ગોંડલના બુટલેગર રાજુ ભીખા પરમાર અને ભાવેશ દુધરેજીયાએ મંગાવ્યાની કબૂલાત આપતા પોલીસે આ બન્ને શખ્સોની શોધખોળ આદરી છે.

# રાજકોટના શખ્સે વિરડીના પરિવારના દીકરાના લગ્ન કરાવી આપવાનું વચન આપી રૂા.૧૨.૫૦ લાખની ઠગાઈ કરી

## માળિયા હાટીનાના વિરડી ગામના પરિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢ જિલ્લાનાં માળિયાહાટીના તાલુકાનાં વિરડી ગામે રહેતાં પરિવારમાં એકનાં એક દિકરો હોય અને તેનુ સગપણ ન થતુ હોય. જેથી ફરિયાદીનાં સબંધીએ આ વાતનો ફાયદો ઉઠાવી રાજકોટનાં શખસ સાથે ષડયંત્ર કરી સુરત ખાતે છોકરી બતાવી લગ્ન કરાવાની લાલચ આપી બે વર્ષમાં કટકે-કટકે રૂ.૧૨.૫૦ લાખ લઈ લગ્ન ન કરાવી આપી અને નાણા પરત ન કરતાં માળિયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની માહિતી મુજબ માળિયા હાટીનાં તાલુકાનાં વિરડી ગામે રહેતાં નાનજીભાઈ સામતભાઈ ભાલુને એકનો એક દિકરો જેનું નામ ચિરાગ (ઉ.૨૨)નુ સગપણ થતું ન હતું. જેથી આ બાબાતે તેનાં સબંધી વલ્લભભાઈ પાથરને કરતાં તેણે રાજકોટનાં એક શખસ જેનું નામ ચિરાગ ઉર્ફે શૈલેષ મગનભાઈ ગોહેલનાં ફરિયાદીને નંબર આપી આ વ્યક્તિ સગપણ કરાવી આપશે તેમ જણાવ્યું હતું. નાનજીભાઈએ આરોપી શૈલેષને ફોન કરીને જાણ કરતાં તેણે સુરતમાં એક છોકરી હોવાનું જણાવ્યું હતું. છોકરીને જોવા માટે ફરિયાદી અને બન્ને આરોપી સુરત ખાતે ગત વર્ષ-૨૦૨૨માં જતાં કવિતા નામની છોકરી આ લોકોને મળી હતી.

છોકરીએ સગપણ કરવા અંગે સહમતી બતાવતાં પ્રથમ વખત રૂ.૬૫,૦૦૦ શૈલેષભાઈને આપ્યાં હતાં અને છોકરીનું આધારકાર્ડ બની ગયાં બાદ લગ્ન કરાવી આપવાની બાહેધરી આપી હતી. છોકરી બતાવી તેણી લગ્ન માટે સહમતી જણાવતાં વિશ્વાસમાં આવી જતાં તેનાં બે મહિનાં બાદ વકીલ અને કોર્ટમાં લગ્ન નોંધણી માટે ખર્ચ પેટે નાણાની જરૂરિયાત હોવાનું જણાવી કટકે-કટકે બેંકમાં અને આંગડિયા પેઢી મારફતે કુલ રૂ.૧૨,૫૦,૦૦૦ પડાવી છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવી છે.

# શિક્ષકને પેઢીમાં ભાગીદાર બનાવી વધુ નફો આપવાની લાલચ આપી મિત્રએ કરી ૨૫ લાખની ઠગાઈ

## વાછાણી હોસ્પિટલ પાછળ ગુજરાત હાઉસિંગ બોર્ડમાં વેપારીના મકાનમાં ડ્રાઈવરે ક્ર્યો રૂપિયા ત્રણ લાખનો હાથફેરો

**મુખ્ય સમાચાર રાજકોટ**

બીગબજાર રોડ પર ગુલાબવિહાર સોસાયટીમાં રહેતા શિક્ષકને લોભાવણી લાલચ આપી મિત્રએ રૂપિયા ૨૫ લાખની છેતરપિંડી કરતા માલવિયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ગુલાબવિહાર સોસાયટી મેઈન રોડ પર રહેતા અને શિક્ષક તરીકે ફરજ બજાવતા અતુલભાઈ ધીરજલાલ બલદેવ (ઉ.વ.૫૦)નામના લોહાણા પ્રૌઢે માલવિયાનગર પોલીસમાં તેના મિત્ર ચેતન ક્નક પરમાર (રહે.ગ્લોરિયસ સોસાયટી પ્લોટ નં.૮૭ પાઠક વિદ્યાલયની સામે મેટોડા તા.લોધિકા) વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, આ શખ્સે પોતાની ક્રિષ્ના એન્ટપ્રાઈઝ નામની પેઢીમાં ભાગીદાર થઈ મોટો નફો થશે તેવી લાલચ આપી વિશ્વાસમાં લઈ ખોટા ડોક્યુમેન્ટ બનાવી જે ડોક્યુમેન્ટ બનાવી પેઢીમાં ભાગીદાર બનાવી રૂપિયા ૨૫ લાખ મેળવી લઈ બાદમાં નફો નહીં આપી કે નાણાં પરત નહીં કરી છેતરપિંડી કરી વિશ્વાસઘાત ક્ર્યાની ફરિયાદ નોંધાવતા પીએસઆઈ વી.આર.ઝાલાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

જ્યારે એક બનાવમાં વાછાંણી હોસ્પિટલ પાછળ ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતા હિરલ યોગેશભાઈ શાહ નામના વણીક વેપારીએ તેના ડ્રાઈવર વિનોદ નાથાલાલ વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, આ શખ્સે ઘરમાંથી રૂપિયા ત્રણ લાખના દાગીના ચોરી કરી જતા ફરિયાદ નોંધાવી છે. બનાવના પગલે પીએસઆઈ ડી.એસ.ગજેરાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# શહેરની ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં વેપારીના મકાનમાંથી રૂા.પાંચ લાખની મતાની ચોરી

## પોલીસે સીસીટીવી ફુટેજના આધારે જાણભેદુને સંકંજામાં લઈ પુછપરછ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં રહેતા એક વેપારીના ઘરેથી આશરે પાંચ લાખની ચોરીનો બનાવ બન્યો છે. જો કે આ ચોરીમાં કોઈ જાણભેદુ જ હોવાની શંકા વ્યકત કરવામાં આવી રહી છે આ મામલે માલવીયાનગર પોલીસ મથકમાં વેપારીએ ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની માહિતી મુજબ ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં રહેતા આ વેપારીના ઘરેથી તેમના રૂમના કબાટમાંથી આશરે પાંચ લાખની કિંમતના સોનાના દાગીનાની ચોરી થઈ હોય જે બાબતની જાણ વેપારીના પરિવારને થતાં તેમણે આ અંગે ઘરના મોભીને વાત કરી હતી અને મામલે માલવીયાનગર પોલીસને જાણ કરવામાં આવી છે. બીજી તરફ વેપારીના ઘરે થયેલી ચોરીના બનાવની પ્રાથમિક તપાસમાં ઘર આસપાસના સીસીટીવી ફુટેજ તપાસ્યા છે અને આ ચોરીમાં સંડોવાયેલા વેપારીના નજીકના જ એક વ્યક્તિની સંડોવણી હોવાનુ જાણવા મળ્યું છે.

પોલીસે આ મામલે હાલ આ ચોરીમાં શકમંદને સકંજામાં પણ લીધો છે અને તેની પુછપરછ શરૂ કરવામાં આવી છે. આ ચોરીમાં સંડોવાયેલો આ જાણભેદુ શખ્સ કે જેને પોલીસે તેની આગવી ઢબે પુછપરછ કરતાં ચોરી કર્યાનુ કબુલી લીધું છે.

# કરણપરામાં ઈલેકટ્રીકના વેપારીના બંગલામાં થયેલી રૂા.૯.૫૦ લાખની ચોરીનો ભેદ ઉકેલાયો

## ક્રાઈમ બ્રાંચની ટીમે સીસીટીવીના ફૂટેજના આધારે બેલડીને સંકંજામાં લઈ તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કરણપરામાં ઈલેકટ્રિકના વેપારીના મકાનમાં થયેલી રૂા.૯.૫૦ લાખની ચોરીનો ભેદ ક્રાઈમબ્રાંચે ઉકેલી નાખી બે શખ્સોને સંકજામાં લીધા છે. આ ચોરીમાં પેસ્ટ કંટ્રોલ કરનાર કંપનીના કર્મચારીઓની પણ ઉલટ તપાસ કરવામાં આવી રહી છે. વેપારીના બંધ મકાનને નીશાન બનાવનાર બંન્ને શખ્સો સીસીટીવીમાં કેદ થયા હોય. જેના આધારે પોલીસને ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે.

આ અંગેની માહિતી મુજબ કરણપરા શેરી નં.૧૩/૧૪ના ખૂણે રહેતા અને સાંગણવા ચોકમાં ઈલેકટ્રિકની દુકાન ધરાવતા કેકીનભાઈ દલિપભાઈ શહા (ઉ.વ.૨૯)ના ઘરે ગત તા.૬/ ૭ના રોજ ઉધઈ મારવાની દવાનો છંટકાવ કરેલ હોય જેથી કેકીનભાઈ પરિવાર સાથે તેમના ફઈબાના ઘરે રહેવા ગયેલ હોય. તે દરમિયાન તેમના પત્નિ ગત તા.૮ના રોજ ઘરની સાફ સફાઈ કરીને સાંજના સાત વાગ્યાના અરસામાં તેમના ફઈબાના ઘરે જતા રહેલ. બાદમાં ગઈકાલે સવારે પાછા આવતા ઘરના સેફ્ટી ડોરમાં મારેલું તાળુ તોડી મકાનમાં ઘુસી પહેલા માળે તેમના પિતાના રૂમના લાકડામાંથી કબાડમાં રહેલો થેલો જેમાં આશરે ૨૦૦ ગ્રામના સોનાના દાગીના, સાડા ત્રણ કિલોના ચાંદીના દાગીના તેમજ રૂા. ૭૫ હજારની રોકડ સહિત રૂા.૯.૫૦ લાખની ચોરી થઈ હતી. ચોરીના બનાવ અંગે એ ડીવીઝન પોલીસ મથકમાં કેકીનભાઈએ ફરિયાદ નોંધાવી હતી. આ ચોરીનો ભેદ ઉકેલવા માટે સ્થાનિક એ ડીવીઝન પોલીસ ઉપરાંત એલસીબી અને ક્રાઈમબ્રાંચની અલગ-અલગ ટીમો કામે લાગી હતી. પ્રાથમિક તપાસમાં પેસ્ટ કંટ્રોલ માટે આવેલ શખ્સોએ જ ચોરી કર્યાની શંકાએ તેમની ઉલટ તપાસ અને પૂછપરછ કરવામાં આવી હતી. બીજી તરફ આ ચોરીનો બનાવમાં સીસીટીવી ફૂટેજમાં બે શખ્સો એક્ટીવા ઉપર જતા કેદ થયા હોય જેના આધારે અલગ-અલગ દીશાઓમાં તપાસ બાદ ક્રાઈમબ્રાંચની ટીમને આ ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે અને આ ચોરીમાં સંડોવાયેલ બંન્ને તસ્કરને સંકજામાં લેવામાં આવ્યા છે. ચોરીનો મુદ્દામાલ ક્રાઈમબ્રાંચે રીકવર કર્યો છે અને આ ચોરીમાં અન્ય કોઈની સંડોવણી કે પછી કોઇએ ટીપ આપી હોવાની દિશામાં હાલ તપાસ શરૂ કરવામાં આવી છે.

# મવડીના યુવાનની રૂા.૭ લાખની કાર મિત્રએ બારોબાર ગીરવે મુકી દીધી

## યુવાનને પવન ચકકીના કોન્ટ્રાકટરમાં કાર મુકવાનું કહી શખ્સે છેતરપિંડી કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મવડી વિસ્તારમાં રહેતા યુવાનને તેના મિત્રએ પવનચક્કીના કોન્ટ્રાકટમાં ગાડી મુકવાનું કહી તેની ૭ લાખની કાર લઇ જઇ બારોબાર ગીરવે મુકી છેતરપીંડી આચાર્યાની ફરીયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. આ અંગે પોલીસે ગોંડલના શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ મવડી પ્લોટમાં આવેલા કૃષ્ણ પાર્ક શેરી નં.૫માં રહેતા અને શાપર વેરાવળમાં યુફલો ઓટોમેશન નામની કંપનીમાં સ્ટોર રૂમમાં નોકરી કતા ધર્મેન્દ્રભાઈ હઠીસિંહ પરમાર (ઉ.વ.૪૨) નામના યુવાને તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે ગોંડલમાં રહેતા તેના મિત્ર સુધીર મનુભાઈ ચાવડાનું નામ આપ્યું છે.

ફરીયાદમાં જણાવ્યા મુજબ તે સુધીરને પાંચ વર્ષથી ઓળખે છે. ત્રણ વર્ષ પહેલા સુધીરે જણાવેલુ કે પવનચક્કીના કોન્ટ્રાકટમાં ગાડીની જરૂરીયાત છે. જો તમે કાર લઈ કોન્ટ્રાકટમાં મુકશો તો શારૂ વળતર મળશે અને તેમાંથી ગાડીના હપ્તા ભી દેશું તથા ડાઉન પેમેન્ટ હું ભરી આપીશ. તેમ કહેતા તેમણે મિત્ર ઉપર ભરોસો રાખી ગોંડલ ચોકડી પાસે આવેલા શો-રૂમમાંથી રીનોલ્ટ ટ્રાઇબર કાર ખરીદી મિત્ર સુધીરને સોંપી હતી. ત્યાબાદ મિત્રએ થોડા મહીના સુધી ગાડીના પાંચ-છ હપ્તા આપ્યા બાદ હપ્તા આપવાનું બંધ કરી દીધું હતું.

જેથી તેમણે સુધીરને અવાર નવાર ફોન કરતા અલગ અલગ બહાના કાઢતા હતા અને સુધીરભાઈએ જણાવેલું કે તેને આર્થીક ખેંચતાણ ઉભી થતા આ કાર તેમને બીજાને ગીરવે મુકી દીધી હતી અને ૧૫ દિવસમાં કાર છોડાવી આપી દેવાનું કહ્યુ હતું. જે કે આમ છત હજુ કાર પરત ન આપતા તેમની સાથે છેતરપીંડી થયાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીમાં વૃદ્ધને સળગાવી હત્યા કરનાર બંને આરોપીઓના જામીન નામંજુર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં આવેલ રામકૃષ્ણ નગરમાં વૃધ્ધને સળગાવીને મારી નાખવાના ખુન કેસમાં સંડોવાયેલ બે આરોપીઓની જામીન અરજી મોરબી એડિશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટ દ્વારા ફગાવી દઈ આરોપીઓના રેગ્યુલર જામીન નામંજૂર કરવાનો આદેશ ફરમાવ્યો છે. આરોપી સંદીપભાઈ રાજેશભાઈ બોડા તથા વીમલભાઈ નથુભાઈ કામલીયા ના જામીન નામંજુર કરતી મોરબી એડીશનલ ડીસ્ટ્રકટ કોર્ટ.



મળતી માહિતી અનુસાર મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાય ફરિયાદ મુજબ આરોપીઓએ ફરીયાદીના દીકરાની સાથે મોબાઈલ ફોનમાં કોઈ બાબતે ઝઘડો થયેલ અને તેનુ મનદુખ રાખી ગેરકાયદેસર મંડળી રચી ફરીયાદીના ઘરની બહાર રાખેલ ચંપલની લારીને આગ લગાડી ફરીયાદીના પતિને ઢસડી માર મારી સળગતી લારી પાસે ધક્કો મારી દેતા ગંભીર રીતે દાઝી ગયેલ વૃદ્ધનું મૃત્યુ નિપજતા બનાવ હત્યામાં પરિણમ્યો હતો. જે કેસમાં સંડોવાયેલ તમામ આરોપીઓ સામે પોલીસે હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

ઉપરોક્ત હત્યા કેસના બે આરોપી સંદીપભાઈ રાજેશભાઈ બોડા તથા વીમલભાઈ નથુભાઈ કામલીયાએ જામીન મેળવવા પોતાના વકીલ મારફત મોરબી એડિશન ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. સામે લક્ષ્ય ફરિયાદી તરફે મોરબી જીલ્લાના સરકારી વકીલ સંજયભાઈ દવે તથા ધારાશાસ્ત્રી દીલીપ આર. અગેચાણીયા રોકાયેલ ત્યારે બંને પક્ષોની કાયદાકીય દલીલોને અંતે ફરિયાદ પક્ષના વકીલની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી નામદાર એડિશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટ દ્વારા બંને ખુન કેસના આરોપીઓના રેગ્યુલર જામીન નામંજૂર કરવામાં આવ્યાનો આદેશ જારી ક્ર્યો હતો.

# ભડલી –ગઢડા રોડ પરના પેટ્રોલ પંપ પર ત્રણ શખ્સોએ તોડફોડ કરી સંચાલકને ધમકી આપી

## બાકીમાં ડીઝલ ન આપતા ત્રિપુટીએ પંપની ઓફિસમાં આતંક મચાવ્યોઃ પોલીસમાં ફરિયાદ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણમાં ભડલી-ગઢડા રોડ પર શીવરાજપુર ગામ નજીક આવેલા પેટ્રોલપંપ પર ડિઝલ બાકીમાં ભરવાની ના પાડતાં ત્રણ શખ્સોએ આતંક મચાવી પેટ્રોલ પંપની ઓફીસ અને મશીનરીમાં તોડફોડ કરી ધમકીઓ આપી હતી. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ પણ થઈ હતી. જેથી જસદણ પોલીસે તોડફોડ કરી રૂ.૧.૫૦ લાખનું નુકશાન કરનાર ત્રિપુટી વિરુદ્ધ જસદણ પોલીસે ગુનો નોંધી તેઓની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ પોલીસમાંથી મળતી વિગતો મુજબ જસદણમાં આટકોટ રોડ પર સરદાર પટેલ નગર ગંગાભુવનમાં રહેતાં ભરતભાઈ મનુભાઈ જેબલીયા (ઉં.વ.૫૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે બોટાદના પૃથ્વીરાજ આલકુ વાળા, ભડલી ગામના છત્રપાલ મંગળુ ધાંધલ અને શિવકુ રામ પટગીરનું નામ આપતાં જણાવ્યું હતુ કે, તેઓ શીવરાજપુર ગામ નજીક ગઢડા રોડ પર નયારા કંપનીના સુર્યનારાયણ પેટ્રોલપંપનું સંચાલન કરે છે. ગત તા.૦૭/૦૭ના રાત્રિન આશરે સાડા નવેક વાગ્યે તેઓ પેટ્રોલપંપ પર હાજર હતા ત્યારે પૃથુભાઈનો ફોન આવ્યો હતો. અને તેઓ ફોનમાં ગાળો બોલવા લાગ્યા હતા. અને મારી નાખવાની ધમકી આપી હતી. જેથી તે બાબતે જસદણ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા પહોંચ્યા ત્યારે આરોપી ત્રિપુટી તેઓના પેટ્રોલપંપ પર ઘસી આવી હતી. અને પેટ્રોલપંપમાં પડેલી બલેનો ગાડીના કાચ, ગ્રાઉન્ડમાં પેટ્રોલ ના ડબલાની ડીસ્પલે તથા ડીઝલના ડબલામાં ઘા માર્યા હતા. તેમજ ત્રણ ઓફીસના બહારથી કાચ, ઓફીસની અંદર ટીવી, બે કોમ્પ્યુટર, ડેબીટ કાર્ડ સ્વાઈપ મશીન, પૈસા ગણવાનું મશીન તોડી નાખી કુલ દોઢ લાખનું નુકશાન કર્યું હતું. જ્યારે આ તોડફોડનું કારણ જણાવતા ફરિયાદીએ કહ્યું હતુ કે, સવા મહીના પહેલા પૃથ્વીરાજના માસીયાઈ ભાઈ રશુભાઈ જેઠસુરભાઈ ખાચરએ બાકીમાં ડીઝલ ભરાવેલ હોય અને પૈસા આપેલ ના હોય જેથી બાકીમાં ડીઝલ આપવાની ના પાડતા બોલાચાલી થઈ હતી. જેનો ખાર રાખી હુમલો કરી મારી નાખવાની ધમકીઓ આપી હતી. જેથી આ મામલે જસદણ પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ આધારે તપાસ આદરી છે.

# જામનગરના ધારાગઢ ગામે એક જ પરિવારના ચાર વ્યક્તિઓનો સામુહીક આપઘાત

## ધારાગઢ ફાટક નજીકથી દંપતી તેમજ બે સંતાનોના મૃતદેહ મળી આવતા પોલીસ દોડી ગઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ધારાગઢ પાસે આવેલી રેલવે ફાટક પાસે રોડની સાઈડમાં એક સાથે ચાર મૃતદેહો પડયા હોવાની જાણ પોલીસને થતાં ધારાગઢ પોલીસ કાફલો તુરંત સ્થળ પર દોડી ગયો હતો. ત્યાં જઈ જોતા એક જ પરિવારના ચાર સભ્યોએ ઝેરી દવા પી આપઘાત કરી લીધો હોવાનું સામે આવતા ભારે સનસનાટી મચી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ ધારાગઢ ગામે રેલવે ફાટક નજીક ચાર મૃતદેહો પડ્યા હોવાની જાણ બાદ પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો. હતો. તપાસ દરમિયાન દંપત્તિ અને તેના બે સંતાનોએ ઝેરી દવા પી સામુહિક આપઘાત કર્યાનું બહાર આવ્યું હતું. આથી ચારેય મૃતદેહો પોસ્ટમોટર્મ અર્થે હોસ્પિટલે ખસેડયા બાદ પોલીસે ઓળખ મેળવવાની તજવીજ શરૂ કરી હતી. તેમાં જાણવા મળ્યું હતું કે, એક જ પરિવારના ચારેય સભ્યો જામનગરના રહેવાસી છે. આથી તેમના અન્ય સગાસબંધીઓને આ કરૂણ ઘટના અંગેની જાણ કરતા તેઓ હોસ્પિટલ આવવા માટે રવાના થયા છે. પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે, જામનગરના માધવભાગ શેરી નં. ૧ માં રહેતા અશોકભાઈ જેઠાભાઈ ધ્રુવા તેની પત્ની લીલુબેન અશોકભાઈ ધુવા પુત્ર જિજ્ઞેશ અશોકભાઈ ધુવા અને પુત્રી કિંજલ અશોકભાઈ ધુવાએ જામનગરથી ધારાગઢ દોડી આવી આ સામુહિક આપવાતનું પગલું ભર્યું છે. આ પરિવારે ક્યા કારણોસર સામુહિક આપવાત કર્યો છે તે જાણવા મળ્યું નથી. પોલીસ એવું માની રહી છે કે પારિવારીક કારણ અથવા તો બ્યાજનું વીરાચક કારણભૂત હોવું જોઈએ. છતાં પણ આ પરિવારે ક્યા કારણોસર આ પગલું ભર્યું છે. તે જાણવા માટે તપાસ હાથ ધરાશે.

# જૂનાગઢના પ્લાસ્વા ગામે વિદ્યાર્થીનીઓ સામે અડપલા કરનાર શિક્ષકને લોકોએ ધોકાવ્યો

## પ્લાસ્વા ગામની પ્રાથમિક શાળાનો શિક્ષક વિદ્યાર્થિનીઓને અડપલા કરતા હોવાના આક્ષેપો



**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

પ્લાસવા ગામના શિક્ષક પાઠ ભણાવવાના બદલે શાળામાં ભણતા વિદ્યાર્થીઓને માર મારતા તેમજ ચાલુ સ્કૂલે અને વર્ગખંડમાં વ્યસન કરતાં હોવાના આક્ષેપ કરવામાં આવે છે એટલું જ નહીં પરંતુ આ શિક્ષક વિદ્યાર્થીનીઓ સાથે અડપલા કરતા હોવાની પણ ફરિયાદો કરવામાં આવી છે. પ્લાસવા ગામની શાળામાં એક શિક્ષકે તમામ પ્રકારની હદો વટાવી હોય તેવા વાલીઓ દ્વારા આક્ષેપો કરવામાં આવ્યા છે. જુનાગઢ નજીક આવેલા પ્લાસવા ગામની પ્રાથમિક શાળાના ગોવિંદ બાંભરોટિયા નામના શિક્ષકે ક્લાસમાં વિદ્યાર્થીનીઓ સાથે અડપલા કર્યાના અને વિદ્યાર્થી ઓને ઢોર માર્યાના વાલીઓ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા છે.

બીજી તરફ આ તમામ બાબતે વાલીઓએ સ્કૂલને તાળાબંધી કરી હતી અને આ લંપટ શિક્ષકને સ્કૂલના પટાગણમાં જ લમધાર્યો હતો. શાળામાં ભણતા બાળકોના વાલીઓએ પ્લાસવા પ્રાથમિક શાળાના શિક્ષક ગોવિંદ બાંભરોલીયા સામે આક્ષેપો કર્યા છે કે આ શિક્ષક વ્યસન દૂર કરવાના બદલે ક્લાસમાં જ માવા મસાલા ખાય છે. ક્લાસમાં વિદ્યાર્થીનીઓને શરીરે ટચ કરી અડપલા કરે છે. તો વિદ્યાર્થીઓને પાઈપ અને ચપ્પલથી માર મારવામાં આવે છે. આ મામલે વિદ્યાર્થીઓના વાલી ગામના સરપંચના ઘરે રજૂઆત કરવા ગયા બાદ આજે સવારે સ્કૂલને તાળાબંધી કરવામાં આવી હતી. આ સમગ્ર મામલો જુનાગઢ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી પાસે પહોંચતા તેઓ પ્લાસવા ગામે દોડી આવ્યા હતા અને જ્યાં વાલીઓ અને ગામના અગ્રણીઓ સાથે વાત કરી શિક્ષક મામલે યોગ્ય કાર્યવાહી કરવા ખાતરી આપી હતી.આમ ઇન્ચાર્જ તાલુકા શિક્ષણ અધિકારી દ્વારા વાલીઓના તમામ પ્રશ્નોને સાંભળવામાં આવ્યા હતા અને તેઓના નિવેદન લઈ ઉચ્ચકક્ષાએ રિપોર્ટ કરી રજૂઆત પણ કરવામાં આવશે. હાલ વાલીઓએ પૂરો સાથ સહકાર આપી શિક્ષણ કાર્ય શરૂ કરાવ્યું હતું.

# કમિશનર કચેરીમાં પ્રૌઢનો ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ

## ૨૦૨૧માં સિટી બસમાં ટિકિટ વગર પકડાયાનો આરોપ મૂકી પોલીસે ખોટી રીતે ધરપકડ કરી'તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ પર ઓશો આશ્રમમાં રહેતા આઘેડ પોલીસ કમિશનર કચેરીમાં ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. તેઓની વર્ષે ૨૦૨૧માં સીટીબસમાં ટીકીટ વગર પકડાયાનો આરોપ મૂકી પોલીસે ખોટી રીતે ધરપકડ કરી હોય જેથી આ અન્યાય સામે અનેક વાર રજુઆતો છતા ન્યાય ન મળતા તેમણે આ પગલુ ભરી લીધુ હતુ.



આ અંગેની માહિતી મુજબ ગોંડલ રોડ પર આવેલા ઓરો આશ્રમમા રહી હરતુ ફરતુ જીવન જીવતા રમેશભાઈ ભવાનભાઈ મકવાણા (ઉ.વ.૫૦) નામના આધેડે પોલીસ કમિશનર કચેરીમાં ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા તેમને ૧૦૮ મારફત સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા આ અંગે સિવિલ ચોકી સ્ટાફે પ્રાથમિક નોંધ કરી પ્રનગર પોલીસને જાણ કરી હતી.પ્રાથમિક તપાસમાં તેઓ બે ભાઈમાં નાના સંતાનમાં એક પુત્રક અને એક પુત્રી છે તેઓ ઘણા સમયથી ઘર છોડી આશ્રમમાં રહે છે. તેઓ વર્ષ ૨૦૨૧મા સીટીબસમાં જતા હતા તેમણે રૂ.૧૦ની ટીકીટ લીધી હોવા છતા ટીકીટ ન હોવાનો ખોટો આરોપ મૂકી પોલીસે ધરપકડ કરી હતી, જેથી તેમની સાથે અન્યાય થતા તેમણે ડીસીપીને અનેકવાર રજુઆત કરવા છતા કોઈ કાર્યવાહી થઈ જ હતી બે દિવસ પહેલા પોલીસ કમિશનરને પણ રજુઆત કરી હતી આમ છતા ન્યાય ન મળતા તેમણે આ પગલુ ભરી લીધાનુ જાણવા મળ્યુ છે.

# ફરી એકવાર આરટીઓ કચેરીમાં તા. ૧૨ જુલાઈ સુધી ડ્રાઈવીંગ ટેસ્ટ બંધ રહેશે

## પોર્ટલમાં ટેકનિકલ ખામી સર્જાતા નિર્ણય : છેલ્લા એક મહિનાથી ચાલતા ધાંધિયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ આરટીઓમાં ફરીથી ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક બે દિવસ બંધ રાખવાની જાહેરાત કરવામા આવી છે. પોર્ટલમાં થયેલી ટેક્નિકલ ખામીના કારણે મોટર વ્હીકલો માટે નિર્ણય લેવામાં આવ્યો છે. છેલ્લા ઘણા સમયથી આરટીઓમાં ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેકમાં વારંવાર ખામીઓ સર્જાતા અરજદારોને ધરમના ધક્કા થઈ રહ્યા છે.

રાજકોટ આરટીઓમાં એક મહિનાથી પોર્ટલમાં સમસ્યા ઉદ્ભવેલી જોવા મળી રહી છે. અગાઉ પણ આરટીઓ દ્વારા ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક ટેક્નિકલ કારણોસર બંધ કરવાની જાહેરાત કરવામા આવી હતી. તે સમયે પોર્ટલની ક્ષતિને દૂર કરવા માટે અમદાવાદની નિષ્ણાંત ટીમોને પણ : બોલાવવામાં આવી હતી. ઉપરાંત રાજકોટ આરટીઓ : ખાતેથી ટેસ્ટ ટ્રેકીંગની સિસ્ટમને અમદાવાદ ખાતે રિપેર કરવા લઈ જવામાં આવી હતી. છતાં પણ સમસ્યા યથાવત: રહી છે. આરટીઓના પોર્ટલમાં છાસવારે આવતી સમસ્યાના કારણે ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા અરજદારોને આખો દિવસ કચેરીએ બેસી રહેવું પડે છે. અને ત્યાર બાદ પછી આવજો તેવા જવાબ મળી રહ્યા હોવાની ફરિયાદ અરજદારો કરી રહ્યા છે. ગ્રમ્ય વિસ્તારમાંથી આવતા હોવાના કારણે ધરમના ધક્કા ખાવાની વ્યથા અરજદારો ઠાલવી રહ્યા છે. અરજદારોની ફરિયાદ વચ્ચે આરટીઓએ ફરી યાદી જાહેર કરી છે. અને તા. ૧૧ અને ૧૨ જૂલાઈએ ફોરવ્હીલ માટે ટેસ્ટટ્રેક બંધ રહેશે તેમ જણાવ્યું છે.

# ઓપેરા ટાવરમાં ચોકીદારની પત્નીનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જવાહર રોડ પર આવેલા ઓપેરા ટાવરની ઓરડીમાં ચોકીદારની પત્નીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરપ્રાંતિય પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આ અંગે પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ મુળ નેપાળના વતની અને હાલ જવાહર રોડ પર ગેલેક્સી બિલ્ડીંગની સામે ઓપેરા ટાવરમાં ચોકીદારી કરતા અને એપાર્ટમેન્ટના પાર્કિંગમાં આવેલી ઓરડીમાં રહેતા લોકેશ સોનીની પત્ની નિશા (ઉ.વ.૨૫) એ ગઇકાલે સાંજે પોતાની ઓરડીમાં પંખા સાથે ચૂંદડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતા એ ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો.પ્રાથમિક તપાસમાં મૃતક પરિણીતાએ સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું તથા હજુ ૧૮ દિવસથી અહીં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે. બે સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવી દેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.



# મેટોડામાં યુવાને ધારીના વ્યાજખોરોના ત્રાસથી કંટાળી કર્યો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધારીમાં રહેતા યુવાને ત્રણ શખ્સો - પાસેથી લગ્ન માટે રૂ.પાંચ લાખ ૧૦ ટકાના વ્યાજે લીધા હતાં. વ્યાજખોરોની ધમકીથી કંટાળી યુવક ગામ છોડી મેટોડા મજુરી કામ કરવા આવી ગયો હતો. પરંતુ વ્યાજખોરોએ પીછો નહીં છોડતાં પાછળ આવી ધાક ધમકી આપતાં યુવાને ઝેરી પાવડર પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને ઝેરી અસર થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ મુળ ધારીના વતની અને હાલ લોધિકાના મેટોડા ગામે રહેતા અજય દેવજીભાઈ ચાવડા નામનો ૨૫ વર્ષનો યુવાન મેટોડામાં ગેઈટ નં.૨ની અંદર હતો ત્યારે રાત્રિનાં નવેક વાગ્યાના = અરસામાં ઝેરી પાવડર પી લીધો હતો. યુવકને ઝેરી અસર થતાં તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસિપટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે મેટોડા પોલીસને જાણ કરતાં મેટોડા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો.



પ્રાથમિક પુછપરછમાં આપઘાતનો પ્રયાસ કરનાર અજય ચાવડા મુળ ધારીનો વતની છે અને એક વર્ષ પહેલા તેણે પોતાના લગ્ન માટે રૂ.પાંચ લાખ ૧૦ ટકાના વ્યાજે લીધા હતાં. જેમાં રવિ પરમાર પાસેથી એક લાખ, દિનેશ દાફડા પાસેથી દોઢ લાખ અને શિવ પાસેથી ૩૦ હજાર લીધા હતાં. બાદમાં વ્યાજખોર ધાક ધમકી આપતાં હોવાથી યુવાને વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ગામ છોડી મેટોડા મજુરી માટે આવી ગયો હતો. તેમ છતાં વ્યાજખોરોએ પાછળ આવી ધાક ધમકી આપતાં યુવાને આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પડધરીના મોવૈયા સર્કલ પાસે કાર ચાલકે ઠોકરે ચડાવતા રાહદારીનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરીમાં રહેતા અને ગાડી ઉતારવાનું કામ કરતાં વૃધ્ધ કામ કરીને ઘરે પરત ફરી રહ્યા હતાં ત્યારે અજાણ્યા કાર ચાલકે રાહદારી વૃધ્ધને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. હિટ એન્ડ રનની ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા વૃધ્ધનું મોત નિપજતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.



આ અંગેની માહિતી મુજબ પડધરીમાં રહેતા ધીરૂભાઈ ભલાભાઈ સોલંકી નામના ૬૨ વર્ષના વૃધ્ધ રાત્રિનાં આઠેક વાગ્યાના અરસામાં મોવૈયા સર્કલ પાસે ચાલીને જઈ રહ્યાં હતાં ત્યારે અજાણ્યા કાર ચાલકે રાહદારી વૃધ્ધને ઠોકરે ચડાવ્યા હતાં. હિટ એન્ડ રનની ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા વૃધ્ધને તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં તેમનું મોત નિપજતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. પ્રાથમિક પુછપરછ મૃતક ધીરૂભાઈ સોલંકી ચાર ભાઈ ચાર બહેનમાં વચેટ હતાં અને તેમને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે. ધીરૂભાઈ સોલંકી ગાડી ઉતારવાનું કામ કરી ઘરે જતાં હતાં ત્યારે અકસ્માત નડ્યો હોવાનું જાણવા મળ્યું છે.

# ચલાલાની સીમમાં શખ્સે સગીરા પર દુષ્કર્મ આચરતા ગર્ભવતી બની

**મુખ્ય સમાચાર, અમરેલી**

ચલાલાના વાડી વિસ્તારમાં રહેતા પરંતુ શખસે સગીરાને રાત્રિના સમયે અગાસી પર લઈ જઈ દૂષ્કર્મ ગુજાર્યુ હતું. સગીરાને ચાર મહિનાનો ગર્ભ રહી જતા સમગ્ર ઘટનાનો પર્દાફાશ થયો હતો.

આ ઘટના અંગે ચલાલા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ચલાલામાં રહેતા અર્જુન મુનીયા નામના પરપ્રાંતીય શખસએ ચારેક માસ પહેલા વાડીએ આવેલ મકાનના ધાબા ઉપર ભોગ બનનારની સગીરાની મરજી વિરૂધ્ધ અવાર નવાર બળજબરી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ આચયુ હતું. આ ઘટનામાં ભોગ બનેલી સગીરાને ચાર માસનો ગર્ભ રહી જતા સમગ્ર ઘટનાનો પર્દાફાશ થયો હતો. પોલીસે ભોગ બનેલી સગીરાની માતાની ફરિયાદ પરથી આરોપી સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટમાં પારડી ગામના ભૂવાના ધતિંગનો પર્દાફાશ કરતી વિજ્ઞાન જાથા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના પારડી ગામના ભુવા ધીરુભાઈ મગનભાઈ ઘરસુડીયા ( પટેલ ) ના દોરા-ધાગા, ધુંણવાના, દાણા નાખવાની ધતિંગ લીલાનો વિજ્ઞાન જાથાની ટીમ અને શાપર વેરાવળ પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૫૫ મો સફળ પર્દાફાશ થયો.

ભુવાની ધડપકડ કરી આગળની કાર્યવાહી કરી રહી છે. ભુવાએ ધુણી દાણા જોઈને જાહેર કર્યું કે રીમા અને કુર્ણાલ નો ઘરસંસાર ચાલે તે નથી.જો ચાલશે તો કાપડીયા પરિવારમાંથી ગમે તેનું મોત થશે તેવું કહેતા સાસરીયા પક્ષના એ સરધાર રહેતા બાબુભાઈ ઢાકેચા પીયર પક્ષના ઘરે કુર્ણાલ મુકેશભાઈ રીમાને પેહરે કપડે મુકી જતા રહ્યા ભુવાની વરવિ ભુમિકા બહાર આવી. ભુવા ધીરુભાઈએ કબૂલાતનામુ આપી માંફી માગી કાયમી કપટલીલા બંધની જાહેરાત આપી દીધી અને લોકોની માંફી માગી સાથે સરધારના ઢાકેચા પરિવારની માંફી લીધી હતી.

# ટ્રાફિક નિયમન અંગે મેગા ડ્રાઈવઃ ૪૧૪ વાહન ચાલકો દંડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટ્રાફિકના નિયમોનું કડકાઈથી પાલન કરાવવા માટે છેલ્લા કેટલાય દિવસથી ડીસીપી પૂજા યાદવની આગેવાનીમાં દરરોજ શહેરમાં અલગ અલગ ટ્રાફિક પોઈન્ટ પર મેગા ટ્રાફિક ડ્રાઇવનું આયોજન કરવામાં આવી રહ્યું છે.શહેરમાં ટ્રાફિક વિભાગ દ્વારા કેટલાક દિવસથી સતત મેગા ટ્રાફિક ડ્રાઇવ યોજવામાં આવી રહી છે. દરરોજ શહેરના અલગ અલગ વિસ્તારમાં મોટી સંખ્યામાં ટ્રાફિક પોલીસ દ્વારા ડ્રાઇવ કરવામાં આવી રહી છે. મોટી સંખ્યામાં વાહનો ડીટેઈન પણ કરવામાં આવી રહ્યા છે.ત્યારે ટ્રાફિક પોલીસે હીરાસર એરપોર્ટ ચેકપોસ્ટ તેમજ ખોખડદડ પુલ પાસે ટ્રાફિકની અલગ અલગ ટીમોએ વાહન ચેકિંગ દરમિયાન બ્લેક ફિલ્મ હેલ્મેટ અને ઓવર સ્પીડ ની ટ્રાફિક ડ્રાઈવ અંતર્ગત કુલ રૂપિયા ત્રણ લાખનો દંડ વસૂલ કરી ૪૧૪ કેસ કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરોમાં દરેક ટ્રાફિક પોઈન્ટ પર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે.જેથી ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકોને નંબર પ્લેટ પરથી ઓટોમેટીક ઓનલાઈન દંડ ફટકારવામાં આવે છે.વાહન ચાલકો આ ઓનલાઈન દંડથી બચવા માટે નંબર સાથે ચેડાં કરતા હોય છે.ખાસ કરીને ટુ વ્હિલર ચાલકો પોતાના વાહનની નંબર પ્લેટ વાળી દેતા હોય છે અથવા નંબર પ્લેટમાંથી કોઈ આંકડો કાઢી નાખતા હોય છે. જેથી ઈ મેમોથી બચી શકાય.આવા વાહન ચાલકોને ટ્રાફિક વિભાગ દ્વારા મેગા ડ્રાઈવમાં ખાસ ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે અને સ્થળ પર જ ઓનલાઈન દંડ ફટકારવામાં આવી રહ્યા છે.જેમાં મુખ્યત્વે નંબર પ્લેટ સાથે ચેડાં કરનાર, કારમાં બ્લેકફિલ્મ લગાવનાર, હેલ્મેટ વગર વાહન ચલાવનાર ચાલકોને સ્થળ પર જ દંડ ફટકારવાની તથાં વાહનો ડિટેઈન કરવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે.





MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT